MANOGAT • Year 40 • Issue 22 • 25 February 2022 • Maha Vad 9, Samvat 2078 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





સંત શિરોમણી ગુરુ રવિદાસજી

# મનોગત

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम्।



ભારત રત્ન શ્રી નાનાજી દેશમુખ
પુણ્યતિથિ : ૨૭ ફેબ્રુઆરી ૨૦૧૦



શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર
જન્મદિન : ૮ માર્ચ ૧૯૨૬



શ્રી ગુરુજી - માધવરાવ ગોળવલકર
જન્મદિન : ૧૯ ફેબ્રુઆરી ૧૯૦૬

## તુમ નહિ, હમ કરેં રાષ્ટ્ર આરાધના

**ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પેજ સમિતિના પ્રણેતા અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના અધ્યક્ષસ્થાને તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ**

# રાજ્યમાં સરકાર અને સંગઠન એક થઈને પ્રજાલક્ષી કામ કરે એટલે લોકોને ઘણો ફાયદો મળે જ






ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે પેજ સમિતિના પ્રણેતા અને પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના અધ્યક્ષસ્થાને તેમજ રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં પ્રદેશ કારોબારી બેઠક યોજાઈ હતી.


આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે પક્ષ દ્વારા આવનાર સમયમાં રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમો યોજાનાર છે, એ વિવિધ કાર્યક્રમોની રૂપરેખા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સમાજના દરેક સાધુ-સંતોને કાશીથી અયોધ્યાનો પ્રવાસ કરાવવો, આગામી ૮મી માર્ચના રોજ મહિલા દિન નિમિત્તે સાધ્વીજીઓને કચ્છ જિલ્લાનો પ્રવાસ કરાવવો, યોગ પ્રત્યે જાગૃતિ વધે તે માટે યોગના કાર્યક્રમો, સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ વોર્ડ વાઈઝ થાય અને કેવી રીતે વધુ સારો થાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. શાળા અને કોલેજમાં નિબંધ સ્પર્ધા યોજવી, કવિ સંમેલનો યોજવાં વગેરે કાર્યક્રમો કેવી રીતે કરવા તે અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું, પ્રત્યેક જિલ્લામાં લોકડાયરાઓ પણ યોજાનાર છે. તેમજ દર મહિનાના છેલ્લા રવિવારે દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી મન કી બાત કાર્યક્રમ થકી દેશની જનતા સમક્ષ નવા નવા મુદ્દાઓ રજૂ કરતા હોય છે તેને વધુ સંખ્યામાં લોકો સાંભળે તે અંગે વ્યવસ્થા કરવા શ્રી સી. આર. પાટીલે માર્ગદર્શન આપ્યું હતું, તથા સુપોષણ કાર્યક્રમ જિલ્લા પ્રમાણે થાય અને તેમાં મહિલા મોરચો અને યુવા કાર્યકરો વધુ જોડાય તે અંગે પણ તેમણે માર્ગદર્શન આપ્યું હતું, જેથી રાજ્યમાં ઝડપથી કુપોષિત બાળકોને સ્વસ્થ કરી શકાય.

વધુમાં વધુ કાર્યકરો માઈક્રો ડોનેશન કરે તે માટે શ્રી સી. આર. પાટીલે ભારપૂર્વક આહ્‌વાન કર્યું હતું. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી આગામી ૧૧ અને ૧૨ માર્ચે સરપંચો, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યો, અને કોર્પોરેશનના સભ્યો સાથે વાર્તાલાપનો કાર્યક્રમ યોજવાના છે જે અંગે પણ તેમણે માહિતી આપી હતી અને અંતમાં આવનારી વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખી પેજ સમિતિનું કામ ઝડપથી પૂર્ણ કરવા હાકલ કરી હતી.

આ બેઠકમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માર્ગદર્શન આપતાં જણાવ્યું કે, રાજ્યમાં સરકાર અને સંગઠન એક થઈને પ્રજાલક્ષી કામ કરે તો લોકોને ઘણો ફાયદો મળશે જ. આગામી સમયમાં સરકાર પ્રજાલક્ષી કેવી યોજનાઓ કરી શકે તે અંગે તેમણે સૂચનો મંગાવ્યાં અને સરકાર પ્રજાલક્ષી નાનામાં નાના કામમાં કેવી રીતે ધ્યાન આપે છે તે અંગે પણ માહિતી આપી હતી. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલે પેજ સમિતિનું કાર્ય પૂર્ણ કરવા જે સૂચનો આપ્યાં છે તેનો ઝડપથી અમલ થાય તે અંગે આહ્‌વાન કર્યું હતું.



Year : 40, Issue : 22, Pages : 28



## તંત્રીસ્થાનેથી

## ઑવેસીના સ્વરૂપે એક નવો 'ઝીણા' ફરીથી પેદા થઈ રહ્યો છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

હૈદરાબાદના ઓલ ઇન્ડિયા મજલિસ એ ઇતેહાદૂલ મુસ્લિમના (AIMIM)ના અસદુદ્દીન ઑવેસીએ તાજેતરમાં કહ્યું કે, હું એ દિવસ જોવા જીવતો હોઈશ કે નહીં પરંતુ એક દિવસ હિજાબ પહેરેલી મુસ્લિમ વ્યક્તિ ભારતની પ્રધાનમંત્રી બનશે જ ! ઑવેસીએ સંસદમાં પણ કહેલું કે, અમારા માટે ભાજપને સત્તા પર આવતો રોકવો એ રાજકારણમાં રહેવાનો અમારો સૌથી પ્રથમ હેતુ છે ! ઑવેસીએ એવું પણ અગાઉ કહ્યું હતું કે, ભારત માતાની જય એવું અમે ક્યારેય બોલીશું નહીં. ઑવેસીએ જાહેર સભામાં એવું પણ નિવેદન આપ્યું હતું કે, એક દિવસ મોદી હિમાલયમાં અને યોગી આશ્રમમાં જતા રહેશે, પછી તમને કોણ બચાવશે ? ઑવેસીના સગા નાના ભાઈ અકબરૂદ્દીન ઑવેસીએ પણ નિવેદન આપ્યું હતું કે અમે મુસ્લિમો ભલે ૨૫ કરોડ હોઈએ અને હિન્દુઓ ચાર ગણા હોય તો પણ - ૧૫ મિનિટ પોલીસ હટાવી લો અને જોઈ લો અમે શું કરી શકીએ છીએ ?!

ઑવેસી અને તેના પક્ષના - કુટુંબના લોકો કેવાં-કેવાં વિધાનો ઉચ્ચારે અને દેશના કહેવાતા બુદ્ધિજીવીઓ બિન-સાંપ્રદાયિકતાનો દંભ કર્યા જ કરે ! આ લોકો મુસ્લિમ સમાજને છડેચોક - ખુલ્લેઆમ ગેરમાર્ગે દોર્યા કરે, યુવામાનસમાં ઝેર ભર્યા કરે અને દંભી બુદ્ધિજીવીઓ હિન્દુ સમાજને સહિષ્ણુતાના પાઠ ભણાવવા નીકળી પડે !!

મિત્રો, મને તો લાગે છે કે, કોંગ્રેસ અને દંભી બિનસાંપ્રદાયિકોએ ઑવેસીના સ્વરૂપે આ એક નવો 'ઝીણા' ફરીથી પેદા કર્યો છે. આ નવો 'ઝીણા' ભારત દેશના હિન્દુ-મુસ્લિમના અકલ્પનીય ભાગલા પાડીને દેશની એકતા અને અખંડિતતા પર પ્રત્યેક દિવસે કોઈ ને કોઈ નુકસાનનો હથોડો બેશરમીથી પછાડ્યા જ કરે છે.

આઝાદી વખતે મહમદઅલી ઝીણાની આ જ માનસિકતા રહી હતી. તેમણે રાષ્ટ્રહિતને કોરાણે મૂકીને ધર્મના આધારે ભારતના લોહિયાળ ભાગલા પાડીને પાકિસ્તાનને મુસ્લિમ રાષ્ટ્ર બનાવ્યું હતું અને આજે ઑવેસી એ જ વિચાર સાથે દેશના બંધારણ, સન્માન અને એકતાને કોરાણે મૂકીને સાંપ્રદાયિક ઝેર ફેલાવી - યુવાનોને ગુમરાહ કરી - પાછલા બારણે દેશવિરોધી તાકાતોને મદદ કરી દેશમાં કોમી વૈમનસ્ય ઊભું કરી આતંકવાદ અને અરાજકતાનું વિષયુક્ત વાતાવરણ પેદા કરી રહ્યા છે.

આવા સંક્રમણકાળે એક જ વિચાર મન-મસ્તિકમાં આવે છે કે સાચા મુસ્લિમો બહાર આવે - મુસ્લિમ નેતાગીરીની દંભી ટોપી પહેરી ભાગલાવાદી નાપાક કરતૂતો કરતા આવા ઝીણાવાદીઓને તગેડી રાષ્ટ્રવાદી, એકતા અને અખંડતાના હિમાયતી, સુજ્ઞ અને સુસંસ્કૃત હિન્દુસ્તાની મુસ્લિમોને નેતૃત્વની કમાન સોંપી દેશના વિકાસપથના સહયાત્રી બને તે સમયની માંગ છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001





## કેન્દ્રિય બજેટ ૨૦૨૨-૨૩

# બજેટ એ માત્ર આંકડાનાં લેખાંજોખાં નથી બજેટનો જો યોગ્ય રીતે સાચા સમયે, સાચી રીતે ઉપયોગ કરવામાં આવે તો આપણાં મર્યાદિત સાધનો વડે પણ આપણે ખૂબ મોટું પરિવર્તન લાવી શકીએ તેમ છીએ

મિત્રો, આપણી આજની યુવા પેઢી ભવિષ્યની કર્ણધાર છે. તે ભવિષ્યનું રાષ્ટ્રનિર્માણ પણ કરનાર છે. એટલા માટે આજની યુવા પેઢીનું સશક્તીકરણ કરવાનો અર્થ ભારતના ભવિષ્યનું સશક્તીકરણ કરવું એવો થાય છે. આ વિચારધારા સાથે વર્ષ ૨૦૨૨ના બજેટમાં શિક્ષણક્ષેત્ર સાથે જોડાયેલી પાંચ બાબતો ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે.

### ગુણવત્તાયુક્ત શિક્ષણનું સાર્વત્રીકરણ

આપણી શિક્ષણ વ્યવસ્થાનો વિસ્તાર વધે, તેની ગુણવત્તા સુધરે અને શિક્ષણક્ષેત્રની ક્ષમતામાં વધારો થાય તે માટે મહત્ત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે.

### કૌશલ્યવિકાસ

દેશમાં ડિજિટલ સ્કીલીંગ વ્યવસ્થા ઊભી થાય, ઈન્ડસ્ટ્રી ૪.૦ની જયારે ચર્ચા ચાલી રહી છે ત્યારે ઉદ્યોગોની માંગને ધ્યાનમાં રાખીને કૌશલ્યવિકાસ થાય, ઉદ્યોગ સાથેનું જોડાણ બહેતર બને તે બાબત ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે.

### નગર આયોજન અને ડિઝાઇન

તેમાં ભારતના જે પૌરાણિક અનુભવો અને જ્ઞાન છે તેનો આપણી આજની શિક્ષણ વ્યવસ્થામાં સમાવેશ કરવામાં આવે તે આવશ્યક છે.

### આંતરરાષ્ટ્રીયકરણ

ભારતમાં વિશ્વસ્તરની વિદેશી યુનિવર્સિટીઓ આવે તે આપણાં ગિફ્ટ સિટી, ત્યાં ફાઈનાન્સિયલ ટેકનોલોજી સાથે જોડાયેલી સંસ્થાઓ આવે અને તેને પ્રોત્સાહિત કરવામાં આવે.

### AVCG એટલે કે એનિમેશન વિઝ્યુઅલ ઈફેક્ટસ ગેમીંગ કોમિક

આ તમામમાં રોજગારની અપાર સંભાવનાઓ છે. એક ખૂબ મોટું ગ્લોબલ માર્કેટ છે. તેને પહોંચી વળવા માટે આપણે ભારતીય પ્રતિભાઓનો કેવી રીતે ઉપયોગ વધારી શકીએ તે બાબતે પણ ધ્યાન આપવામાં આવ્યું છે. આ બજેટ નવી રાષ્ટ્રીય શિક્ષણનીતિને જમીની સ્તરે ઉતારવામાં ખૂબ મદદરૂપ થવાનું છે.

### ડિજિટલ ભવિષ્ય

સાથીઓ, કોરોનાના આગમન પહેલાંના ઘણા સમય પહેલાં હું દેશમાં ડિજિટલ ભવિષ્યની વાત કરી રહ્યો હતો. આપણે જયારે આપણાં ગામડાંઓને ઓપ્ટીકલ ફાયબર સાથે જોડી રહ્યા છીએ ત્યારે આપણે ડેટાની કિંમત ઓછામાં ઓછી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને કનેક્ટિવિટી સાથે જોડાયેલા માળખાકીય સુધારા કરી રહ્યા છીએ ત્યારે કેટલાક લોકો સવાલ ઉઠાવે છે કે આની જરૂર શું છે, પરંતુ મહામારીના સમય દરમ્યાન આપણા આ પ્રયાસોનું મહત્ત્વ સૌ કોઈએ જોયું છે. આ એ જ ડિજિટલ કનેક્ટિવિટી છે કે જેણે વૈશ્વિક



મહામારીના સમયમાં આપણી શિક્ષણ વ્યવસ્થાને હેમખેમ રાખી હતી.

આપણે જોઈ રહ્યા છીએ કે ભારતમાં કેવી રીતે ડિજિટલ ડિવાઈડ ઓછો થઈ રહ્યો છે. આપણે ત્યાં સમાવેશિતા સુનિશ્ચિત થઈ રહી છે અને હવે તો દેશ સમાવેશિતાથી આગળ વધીને સંકલન (ઈન્ટીગ્રેશન) તરફ આગળ વધી રહ્યો છે.

આ દાયકામાં આપણે શિક્ષણમાં જે આધુનિકતા લાવવા માંગતા હતા તેના આધારને મજબૂત કરવા માટે આ વર્ષના બજેટમાં અનેક જાહેરાતો કરવામાં આવી છે. ડિજિટલ શિક્ષણથી ડિજિટલ ભવિષ્ય તરફ આગળ ધપતું ભારત એ એક વ્યાપક વિઝનનો હિસ્સો છે. એટલા માટે ઈ–વિદ્યા હોય, વન ક્લાસ વન ચેનલ હોય, ડિજિટલ લેબ્ઝ હોય, ડિજિટલ યુનિવર્સિટી હોય, આવી શૈક્ષણિક માળખાકીય સુવિધાઓથી યુવાનોને ખૂબ જ સહાય થવાની છે. ભારતની આ આર્થિક – સામાજિક વ્યવસ્થામાં ગામડું હોય, ગરીબ હોય, દલિત, પછાત, આદિવાસી જેવા તમામને શિક્ષણના બહેતર ઉપાયો આપવાનો પ્રયાસ થઈ રહ્યો છે.

### નેશનલ ડિજિટલ યુનિવર્સિટી ભારતની શિક્ષણ વ્યવસ્થામાં પોતાની રીતે એક અનોખું અને અભૂતપૂર્વ કદમ

સાથીઓ, નેશનલ ડિજિટલ યુનિવર્સિટી ભારતની શિક્ષણ વ્યવસ્થામાં પોતાની રીતે એક અનોખું અને અભૂતપૂર્વ કદમ છે. હું ડિજિટલ યુનિવર્સિટીમાં એવી તાકાત જોઈ રહ્યો છું કે આપણા દેશમાં જે રીતે યુનિવર્સિટીમાં બેઠકોની સમસ્યા ઊભી થતી હતી તેનો સંપૂર્ણ રીતે ઉકેલ આપી શકે તેમ છે. તે રીતે જ્યારે દરેક વિષયમાં અમર્યાદિત બેઠકો હશે ત્યારે તમે કલ્પના કરી શકો છો કે શિક્ષણ જગતમાં કેટલું મોટું પરિવર્તન આવશે. આ ડિજિટલ યુનિવર્સિટી લર્નિંગ અને રિ–લર્નિંગની વર્તમાન વ્યવસ્થાને ભવિષ્યની જરૂરિયાતો મુજબ યુવાનોને તૈયાર કરશે. શિક્ષણ મંત્રાલય, યુજીસી, એઆઈસીટીઈ અને તમામ સહયોગીઓને મારો આગ્રહ છે કે આ ડિજિટલ યુનિવર્સિટી ઝડપથી કામ શરૂ કરી શકે તેની ખાત્રી રાખવી જોઈએ. પ્રારંભથી જ આ ડિજિટલ યુનિવર્સિટી આંતરરાષ્ટ્રીય ધોરણો મુજબ ચાલતી રહે તે જોવાની આપણા સૌની જવાબદારી છે.

### અનેક રાજ્યોમાં સ્થાનિક ભાષાઓમાં તબીબી અને ટેકનિકલ શિક્ષણની શરૂઆત થઈ ચૂકી છે

સાથીઓ, દેશમાં વૈશ્વિક ધોરણો ધરાવતી શિક્ષણ સંસ્થાઓનું નિર્માણ કરવાનો સરકારનો ઈરાદો છે અને તે માટનું નીતિ વિષયક માળખું તમારી સામે જ છે. હવે તમારે પોતાના પ્રયાસોથી આ ઈરાદાને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરવાનો છે. આજે વિશ્વ માતૃભાષા દિવસ પણ છે. માતૃભાષામાં શિક્ષણ આપવું તે બાળકોના માનસિક વિકાસ સાથે જોડાયેલી બાબત છે. અનેક રાજ્યોમાં સ્થાનિક ભાષાઓમાં તબીબી અને ટેકનિકલ શિક્ષણની શરૂઆત થઈ ચૂકી છે.

હવે તમામ શિક્ષણવિદોની એ વિશેષ જવાબદારી રહી છે કે સ્થાનિક ભારતીય ભાષાઓમાં ઉત્તમ શિક્ષણ સામગ્રી અને તેના ડિજિટલ વર્ઝનના નિર્માણને ગતિ આપવામાં આવે. ભારતીય ભાષાઓમાં આ ઈ–કન્ટેન્ટ, ઈન્ટરનેટ, મોબાઈલ ફોન, ટીવી અને રેડિયોના માધ્યમથી તમામ લોકોને પ્રાપ્ત થાય તે પ્રકારે કામ કરવાનું છે.

ભારતીય સાઈન લેંગ્વેજ એટલે કે ઈશારાની ભાષામાં આપણે અભ્યાસક્રમ વિકસિત કરવાનો છે, કે જે દિવ્યાંગ યુવાનોને સશક્ત કરે છે. તેમાં સતત સુધારો થતો રહે તે પણ ખૂબ જ જરૂરી છે. ડિજિટલ ટૂલ્સ અને ડિજિટલ કન્ટેન્ટને કેવી બહેતર રીતે રજૂ કરવામાં આવે તે માટે પણ આપણે શિક્ષકોને ઓનલાઈન તાલીમ આપવા ઉપર ભાર મૂકવાનો છે.

### ડાયનેમિક સ્કીલીંગ

સાથીઓ, ડાયનેમિક સ્કીલીંગ, આત્મનિર્ભર ભારત માટે અને વૈશ્વિક પ્રતિભાની માંગની દૃષ્ટિએ પણ ખૂબ જ મહત્વની બાબત છે. નોકરીની જૂની ભૂમિકાઓ જે ઝડપથી બદલાઈ રહી છે તે અનુસાર આપણે વસતિ વિષયક ડિવિડંડની ઝડપથી તૈયારી કરવી પડશે. એટલા માટે શિક્ષણજગત અને ઉદ્યોગોએ સાથે મળીને પ્રયાસ કરવાની જરૂર છે. ડિજિટલ ઈકોસિસ્ટમ ફોર સ્કીલીંગ એન્ડ લાઈવલીહુડ (DESH STACK ઈ પોર્ટલ) અને ઈ–સ્કીલીંગ લેબની જે જાહેરાત બજેટમાં કરવામાં આવી છે તેમાં પણ આ વિચાર કામ કરે છે.

સાથીઓ, આજે પ્રવાસન ઉદ્યોગ, ડ્રોન ઈન્ડસ્ટ્રી, એનિમેશન અને કાર્ટૂન ઈન્ડસ્ટ્રી, ડિફેન્સ ઈન્ડસ્ટ્રી જેવા ઉદ્યોગો ઉપર આપણે ખૂબ જ વધારે ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. આ ક્ષેત્રો સાથે જોડાયેલા વર્તમાન ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સ માટે આપણે



તાલીમ પામેલા માનવબળની પણ જરૂર છે. એનિમેશન, વિઝ્યુઅલ ઈફેક્ટ, ગેમીંગ અને કોમિક સેક્ટરના વિકાસ માટે ટાસ્કફોર્સની રચના કરવાથી તેમાં ઘણી મદદ થશે. આવી જ રીતે શહેરી આયોજન અને ડિઝાઈનીંગ પણ દેશની જરૂરિયાત છે અને તે યુવાનો માટે અવસર પણ છે. આઝાદીના અમૃતકાળમાં ભારત પોતાના શહેરી લેન્ડસ્કેપનું પરિવર્તન કરવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. એટલા માટે એઆઈસીટીઈ જેવી સંસ્થાઓ પાસે દેશને વિશેષ અપેક્ષા છે કે તેની સાથે જોડાયેલા અભ્યાસ અને તાલીમમાં સતત સુધારો થતો રહે.

**વન ક્લાસ - વન ચેનલ**

સાથીઓ, શિક્ષણક્ષેત્રના માધ્યમથી આપણે આત્મનિર્ભર ભારતના અભિયાનને કેવી રીતે મજબૂત બનાવીશું તે અંગે આપ સૌના અભિપ્રાયો દેશને ખૂબ જ કામમાં આવશે. મને વિશ્વાસ છે કે આપણા સૌના સંયુક્ત પ્રયાસોથી બજેટમાં નક્કી કરાયેલાં લક્ષ્ય આપણે ઝડપથી લાગુ કરી શકીશું. હું એ પણ કહેવા માંગુ છું કે આપણું પ્રાથમિક શિક્ષણ ગામ સુધી છે. અનુભવ એવો રહ્યો છે કે સ્માર્ટ ક્લાસ મારફતે, એનિમેશનના માધ્યમથી દૂર દૂર સુધીના વિસ્તારોમાં શિક્ષણ આપવાની આપણી જે નવી કલ્પના છે તે મુજબ વન ક્લાસ, વન ચેનલ મારફતે ગામડાં સુધી સારી ગુણવત્તા ધરાવતા શિક્ષણની વ્યવસ્થા આપણે કરી શકીએ તેમ છીએ. બજેટમાં આ અંગે જોગવાઈ છે. આપણે તેને કેવી રીતે લાગુ કરીશું.

આજે આપણે જ્યારે બજેટ અંગે ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે આપણી અપેક્ષા એ નથી કે બજેટ કેવું હોવું જોઈએ, કારણ કે તે તો રજૂ થઈ જ ગયું છે. તમારી પાસે એવી અપેક્ષા છે કે બજેટમાં દર્શાવેલી બાબતોને વહેલામાં વહેલી તકે આપણે કેવી રીતે નીચેના સ્તરે અપાર રીતે લાગુ કરી શકીએ. તમે બજેટનો અભ્યાસ કર્યો હશે. તમે ફિલ્ડમાં કામ કરો છો, બજેટ, તમારું કામ અને શિક્ષણ વિભાગ પાસે સ્કીલ ડિપાર્ટમેન્ટની પણ અપેક્ષાઓ છે. આ ત્રણેયનો મેળાપ કરીને આપણે જો એક સારો રોડમેપ બનાવીને સમયબદ્ધ રીતે કામ કરવાની વ્યવસ્થા ગોઠવી શકીએ તેમ છીએ.

**આપણે એક મહિના પહેલાં બજેટ રજૂ કરી દીધું છે**


અગાઉ બજેટ ૨૮ ફેબ્રુઆરીએ રજૂ થતું હતું. હવે આપણે તેને ૧ ફેબ્રુઆરીએ લઈ ગયા છીએ. બજેટ તો ૧ એપ્રિલથી લાગુ થવાનું છે. તે પહેલાં બજેટ બાબતે દરેક વ્યવસ્થા વિસ્તારપૂર્વક કરવાની છે કે જેથી ૧ એપ્રિલથી જ આપણે બજેટને ધરતી પર ઉતારવાનું શરૂ કરી શકીએ. આપણો સમય બરબાદ ના થાય અને હું ઈચ્છા રાખું છું કે તમે લોકો તેમાં વધુ રસ દર્શાવો. હવે જે રીતે તમે જોયું છે તેમ કેટલીક બાબતો એવી છે કે તે શિક્ષણ વિભાગ સાથે જોડાયેલી નથી. હવે દેશમાં એવું વિચારવામાં આવ્યું છે કે ખૂબ મોટા પ્રમાણમાં આપણે સૈનિક સ્કૂલોને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડેલથી આગળ ધપાવીશું. હવે સૈનિક સ્કૂલો કેવી હોય, પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપનું મોડેલ કેવું હોય, સંરક્ષણ મંત્રાલય તેના માટે બજેટ આપવાનું હોય તો જે સૈનિકશાળાઓ બનશે તેના શિક્ષકોને વિશેષ તાલીમ કેવી રીતે આપવામાં આવશે. હાલમાં શિક્ષકોને તાલીમ આપવાની આપણી જે વ્યવસ્થા છે તેમાં સૈનિક સ્કૂલના શિક્ષકો તાલીમ લેશે, કારણ કે તેમાં શારીરિક વિભાગ પણ હશે. તેનું આયોજન આપણે કેવી રીતે કરી શકીશું.

તેવી જ રીતે રમતનું છે. આપણા દેશમાં ઓલિમ્પિક પછી રમતો માટે એક વિશેષ આકર્ષણ ઊભું થયું છે. કૌશલ્યની દુનિયા તો એક વિષય તો છે જ, પણ ખેલજગત પણ એક વિષય છે, કારણ કે ટેક્નિક અને ટેક્નોલોજીએ પણ હવે રમતજગતમાં ખૂબ વ્યાપક સ્થાન પ્રાપ્ત કર્યું છે. તો શું આપણે વિચારી શકીએ તેમ છીએ કે તેમાં પણ આપણી કોઈ ભૂમિકા હોઈ શકે છે.

શું આપણે ક્યારેય વિચાર્યું છે કે દેશમાં નાલંદા, તક્ષશિલા, વલ્લભી જેવી મોટી શિક્ષણ સંસ્થાઓ હતી, છતાં આજે આપણા દેશના બાળકો વિદેશમાં ભણવા માટે મજબૂર બની ગયા છે. શું આપણા માટે આ બાબત યોગ્ય છે? આપણે જોઈએ છીએ કે આપણા દેશના જે બાળકો બહાર ભણવા જાય છે તેમાં ખૂબ મોટો ખર્ચ થઈ રહ્યો છે. તેમનો પરિવાર દેવું કરી રહ્યો છે. શું આપણા દેશમાં દુનિયાની યુનિવર્સિટીઓને લાવીને, આપણા જ દેશના અહીંના વાતાવરણમાં ઓછા ખર્ચે અભ્યાસ કરવા માટે તેમને તૈયાર કરી શકીએ તેમ છીએ? આનો અર્થ એ થાય કે પૂર્વ પ્રાથમિકથી માંડીને પોસ્ટ ગ્રેજ્યુએટ સુધી આપણા શિક્ષણનો જે ઢાંચો છે તેને ૨૧મી સદી મુજબ અનુકૂળ કઈ રીતે બનાવવો?

●





# આ બજેટ ગરીબોને સશક્ત અને સક્ષમ બનાવવા માટેનું બજેટ છે : રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગતપ્રકાશ નડ્ડાજી

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગતપ્રકાશ નડ્ડાએ માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણ તેમજ તેમની આખી ટીમ 'બજેટ ૨૦૨૨-૨૩' માટે આભાર વ્યક્ત કરતાં જણાવ્યું કે આઝાદીના અમૃત મહોત્સવના ગાળામાં આ વર્ષ ૨૦૨૨-૨૩નું સામાન્ય બજેટ, ગરીબોના કલ્યાણ માટેનું બજેટ છે. આ બજેટ ગરીબોને વધુ સશક્ત અને સક્ષમ બનાવશે. આ બજેટ ગ્રામ-વિકાસ, કૃષિવિકાસ અને શ્રમજીવીઓના કલ્યાણ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ, પૂર્વોત્તર તેમજ પહાડી ક્ષેત્રોના વિકાસને સમર્પિત બજેટ છે. આ બજેટ શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકારની ભારતીય જનતા પાર્ટી સરકાર દ્વારા સામાજિક ન્યાય, સમાનતા, સમ્માન અને એકસમાન તકની અવધારણા કે માન્યતાને સાર્થક કરનાર છે. આ બજેટ 'ઇઝ ઓફ લિવિંગ'ને વેગ આપવા પર ભાર મૂકતું બજેટ છે.

**શ્રી નડ્ડાજીના ભાષણના મુખ્ય અંશો**

- બજેટનું કદ વધારીને ૩૯.૪૫ લાખ કરોડ કરવું એ કોરોનાકાળમાં પણ ભારતમાં ઝડપથી વધતી અર્થવ્યવસ્થાને દર્શાવે છે. રાજકોષીય નુકસાન (Fiscal deficit)નો લક્ષ્યાંક ૬.૯ પ્રતિશતથી ઘટાડીને ૬.૪ પ્રતિશત કરવો એક ઘણી મોટી ઉપલબ્ધિની વાત છે.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ દેશની કોરોના સામે નિર્ણાયક જંગની છાયામાં રજૂ કરેલું આ દ્વિતીય બજેટ છે. 'ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ'ને એક નવા મુકામ સુધી પહોંચાડતું આ બજેટ દરેક વર્ગ તેમજ નાના મોટા મહેનતકારો કે ઉદ્યોગપતિઓની આશાઓ અને આકાંક્ષાઓને પૂરી પાડનારું બજેટ છે. આ બજેટ માત્ર એક વર્ષના 'ડેવલપમેન્ટ એજન્ડા'નું જ નહીં, પરંતુ દેશના માટે આવનાર ૨૫ વર્ષનો પાયો નાખવા માટેની બ્લુ-પ્રિન્ટ છે.
- ગત વર્ષે, ૧૫મી ઓગસ્ટના દિને લાલ કિલ્લાના દુર્ગ પરથી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૦૦ લાખ કરોડ રૂપિયાની 'ગતિશક્તિ યોજના' લોન્ચ કરી હતી. આ બજેટમાં 'ગતિશક્તિ'ને એક નવી ઉડાન મળી છે.
- આ બજેટમાં 'આત્મનિર્ભર ભારત'ના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવા માટે શરૂ કરાયેલ 'પ્રોડક્શન લિન્ક્ડ ઈન્સેન્ટિવ (PLI) યોજના'ને જબરદસ્ત પ્રતિસાદ સાંપડ્યો છે. આમાં, લગભગ ૬૦ લાખ નવી નોકરીની તકો ઉદ્ભવશે અને આવનાર ૫ વર્ષોના ગાળામાં ૩૦ લાખ કરોડ રૂપિયાથી વધુનું ઉત્પાદન થશે અને આ નવા ભારતના નિર્માણનો પાયો નાંખશે.
- ૨૫ હજાર કિલોમીટરના રાષ્ટ્રીય ધોરીમાર્ગનું નિર્માણ કરવામાં આવશે, જેમાં ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. દેશની ૫ મોટી નદીઓને જોડવા માટે 'જલ-સંસાધન વિકાસ મંત્રાલય'ની પણ મદદ લઈને કાર્ય પાર પાડવાની યોજના બનાવવામાં આવી છે. 'બેતવા લિંક પ્રોજેક્ટ' માટે બજેટમાં ૪૪,૬૦૫ કરોડ રૂપિયા ખર્ચ કરવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં, પાણીની સમસ્યાથી ઝઝૂમી રહેલા બુંદેલખંડ ક્ષેત્રના લગભગ ૬૨ લાખ લોકોને પીવાનું સ્વચ્છ પાણી પ્રાપ્ત થશે.
- સરકારે એમએસપી પર રેકોર્ડ ખરીદદારીની જોગવાઈ આ બજેટમાં કરી છે. ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે ખાસ પગલાં લેવામાં આવ્યાં છે. ગંગાકિનારે રહેતા ખેડૂતોની જમીન પર ખાસ ધ્યાન આપવામાં આવશે. તેની માટે, ૫ કિલોમીટર પહોળાઈ ધરાવતો 'કોરીડોર' બનાવવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે. 'લેન્ડ રેકોર્ડ્સ'ના



'ડિજિટલાઈઝેશન' (અંકરૂપણ)ની યોજના પર પણ ભાર મૂકવામાં આવ્યો છે.

- આ બજેટમાં ૧૩૦ લાખ એમએસએસઈને મદદરૂપ થવા માટે સરકાર દ્વારા વધુ 'દેવા'ની સગવડ આપવા માટે પગલાં લેવામાં આવ્યાં છે. આવનારાં પાંચ વર્ષના ગાળામાં એમએસએસઈને લગભગ ૬૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક મદદ આપવા માટેની જોગવાઈ કરવામાં આવી છે. સાથોસાથ, ૨ લાખ કરોડથી વધુ રકમના ઋણની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.
- આ બજેટમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાને અન્ય વધારે વિસ્તાર આપવામાં આવ્યો છે. ગરીબો માટે ૮૦ લાખથી વધુ ઘર બનાવી આપવામાં આવશે. તેના માટે બજેટમાં ૪૮,૦૦૦ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરવામાં આવી છે.
- ભારતના 'સંઘીય માળખા'ને મજબૂત કરતા, શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે વર્ષ ૨૦૨૨-૨૩માં દરેક રાજ્યોને ૧ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવાની ઘોષણા કરી છે.
- ઉત્તર-પૂર્વના વિસ્તરોના વિકાસ માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ છે.
- દેશના દરેક ૧.૫ લાખ ટપાલઘરને 'બેંકિંગ' સાથે સાંકળી દેવામાં આવેલ છે.
- મહામારી દરમ્યાન શાળાઓ બંધ રહેવાથી ગામડામાં વસતા બાળકોને બે વર્ષ સુધી શિક્ષણથી વંચિત રહેવું પડ્યું. પી.એમ. ઈ-વિદ્યા થકી આવા બાળકો માટે એક વર્ગખંડ-એક ટી.વી. ચેનલ પ્રોગ્રામ થકી હવે ચેનલોની સંખ્યા ૧૨થી વધારીને ૨૦૦ની કરવામાં આવશે. આ ચેનલો પ્રાદેશિક કે ક્ષેત્રિય ભાષાઓમાં હશે. વધુમાં એક 'ડિજિટલ યુનિવર્સિટી'ની સ્થાપના કરવામાં આવશે.

૯.૦૮ લાખ હેક્ટર જમીનને સિંચાઈની સુવિધાઓ, ૬૨ લાખ લોકોને પીવાના પાણીનો પુરવઠો, ૧૦૩ મેગાવોટ 'હાઈડ્રો-પાવર' (જળવિદ્યુત) અને ૨૭ મેગાવોટ સૌરઊર્જા ઉપલબ્ધ કરાવવાની છે. આ પરિયોજના માટે 'સંશોધિત બજેટ અંદાજ' વર્ષ ૨૦૨૧-૨૨માં ૪,૩૦૦ કરોડ રૂપિયા તથા વર્ષ ૨૦૨૨-૨૩માં ૧,૪૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

આના સિવાય, પાંચ નદી સાંકળ તથા દમણગંગા-પિનજાળ, પાર-તાપી-નર્મદા, ગોદાવરી-કૃષ્ણા, કૃષ્ણા-પેન્નાર તેમજ પેન્નાર-કાવેરીની મસૌદા ડીપીઆરને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે તથા લાભાર્થી રાજ્યોની વચ્ચે સહિયારી સમજૂતી હોવાની સાથે કેન્દ્ર સરકાર તેના અમલીકરણ માટે જરૂરી મદદ કરશે.

## એસએસએમઈ

નાણામંત્રીએ આ વાત રેખાંકિત કરી છે કે આપાતકાલીન ઋણ લાઈન ગેરંટી યોજના (ઈસીએલજીએસ) થકી, ૧૩૦ લાખથી વધુ એમએસએમઈને અત્યંત જરૂરી અને વધુ ઋણ પૂરું પાડવામાં આવશે, જેમાં તેમને મહામારીના પ્રતિકૂળ પ્રભાવોને ઓછા કરવામાં મદદ મળશે. જોકે, તેમણે કહ્યું કે ખાસ કરીને સૂક્ષ્મ તેમજ લઘુઉદ્યોગો દ્વારા પૂરા પાડવામાં આવેલ 'આતિથ્ય તેમજ સંબંધિત સેવાઓ'ના કુલ વહીવટ (કારોબાર) હજુ સુધી પોતાના મહામારી પહેલાંના સ્તર સુધી પહોંચી શક્યો નથી.

આ પાસાંઓ પર વિચાર કર્યા પછી ઈસીએલજીએસની સમયમર્યાદા માર્ચ ૨૦૨૩ સુધી વધારી દેવામાં આવશે.

શ્રીમતી સીતારમણે જણાવ્યું કે તેના 'ગેરંટી કવર'માં ૫૦,૦૦૦ કરોડ રૂપિયા વધારીને કુલ ૫ લાખ કરોડ રૂપિયા કરી દેવામાં આવશે. આનાથી વધેલી રાશિને ખાસ કરીને 'આતિથ્ય તેમજ સંબંધિત ઉદ્યોગો માટે સૂચિત' કરવામાં આવી રહ્યા છે.

## કૌશલ્યવિકાસ તેમજ ગુણવત્તાયુક્ત શિક્ષણ

'કૌશલ્યવિકાસ તેમજ ગુણવત્તાયુક્ત શિક્ષણ' વિશે વિસ્તારથી જણાવતાં નાણામંત્રીએ કહ્યું કે વિભિન્ન કાર્યક્રમો થકી 'ડ્રોન શક્તિ' વધારે સુવિધાજનક બનાવવાની સાથોસાથ 'એક સેવાના રૂપમાં ડ્રોન' (ડીઆરએએએસ) માટે સ્ટાર્ટઅપ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવામાં આવશે. દરેક રાજ્યોમાં સ્થિત પસંદગી પામેલ આઈ.ટી.આઈ.માં કૌશલ્ય વધારવા માટે આવશ્યક પાઠ્યક્રમ શરૂ કરવામાં આવશે. વ્યાવસાયિક પાઠ્યક્રમોમાં જરૂરી ચિંતન-મનનને પ્રોત્સાહન આપતાં, જરૂરી એવાં કૌશલ્યોને પ્રોત્સાહન આપવા તથા રચનાત્મકતાના અવકાશ માટે વિજ્ઞાન તેમજ ગણિતમાં ૭૫૦ વર્ચ્યુઅલ (કાલ્પનિક) વર્ગશાળાઓ તથા અદ્યતન શૈક્ષણિક વાતાવરણ માટે ૭૫ કૌશલ્ય ઈ-લેબ વર્ષ ૨૦૨૨-૨૩માં સ્થાપિત કરવામાં આવશે.



દેશભરના વિદ્યાર્થીઓને તેમના ઘર-આંગણે વ્યક્તિગત ધોરણે સુવિધા પ્રાપ્ત કરાવવાના ઉદ્દેશ્યની વિશ્વસ્તરીય ગુણવત્તાયુક્ત સર્વસુલભ શિક્ષણ પ્રદાન કરવા માટે એક ડિજિટલ વિશ્વવિદ્યાલય સ્થાપિત કરવામાં આવશે. આ વિભિન્ન ભારતીય ભાષાઓ તેમજ આઈસીટી માળખામાં ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ વિશ્વ વિદ્યાલય નેટવર્ક આધારિત 'હબ-સ્પોક મોડલ' પર બનાવવામાં આવશે, જેમાં હબ-ભવન અત્યાધુનિક આઈસીટી નિષ્ણાતોથી યુક્ત હશે. દેશના સર્વશ્રેષ્ઠ સાર્વજનિક વિશ્વવિદ્યાલયો અને સંસ્થાઓ 'હબ-સ્પોક'ના નેટવર્કના રૂપમાં સહકાર આપશે.

## સ્વાસ્થ્ય

આયુષ્માન ભારત ડિજિટલ મિશન થકી 'નેશનલ ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ' માટે એક ઓપન પ્લેટફોર્મ ચાલુ કરવામાં આવશે. જેમાં, ચિકિત્સકો તેમજ સ્વાસ્થ્ય સુવિધાઓ, અદ્વિતીય સ્વાસ્થ્ય ઓળખ, કન્સેન્ટ ફ્રેમવર્ક તથા દરેક લોકો માટે આરોગ્ય સુવિધાઓની ઉપલબ્ધતાને ડિજિટલ સ્વરૂપ સાથે સાંકળવામાં આવશે.

શ્રીમતી નિર્મલા સીતારમણે ઘોષણા કરતાં જણાવ્યું કે દરેક ઘરમાં નળથી પાણી મળી રહે તે માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ૩.૮ કરોડ પરિવારોનો સમાવેશ કરવા માટે ૬૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. હાલમાં, ૮.૭ કરોડ પરિવારોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે અને તેમાંથી ૫.૫ કરોડ પરિવારોને ગત ૨ વર્ષની અંદર, નળનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ કરી દેવાયું છે.

એ જ પ્રમાણે, વર્ષ ૨૦૨૨-૨૩માં ગ્રામીણ તથા શહેરી બંને ક્ષેત્રોમાં પ્રધાનમંત્રી આવાસ યોજના પ્રમાણે તેમજ તેને પાત્ર લાભાર્થીઓ માટે ૮૦ લાખ મકાન બનાવવામાં આવશે. તેના માટે, ૪૮,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.

## ઉત્તર-પૂર્વ પ્રધાનમંત્રી વિકાસ પહેલ

ઉત્તર-પૂર્વ પરિષદના માધ્યમથી 'ઉત્તર-પૂર્વ પ્રધાનમંત્રી વિકાસ પહેલ' નામની એક નવીન યોજના ચલાવવામાં આવશે, જેમાં પીએમ ગતિશક્તિની ભાવનાને અનુરૂપ ઉત્તર-પૂર્વની જરૂરિયાતો મુજબ બુનિયાદી સુવિધાઓ તેમજ મહિલાઓ માટે આજીવિકા સાથે સંકળાયેલ કાર્યક્રમો યોજવામાં આવશે.

## નાણાકીય સમાવેશ

(૧.૫ લાખ ટપાલ-ઘરોમાં 'કોર બેકિંગ સિસ્ટમ') વર્ષ ૨૦૨૨માં સો ટકા એટલે કે ૧.૫ લાખ જેટલાં ટપાલઘરોમાં 'કોર બેકિંગ સિસ્ટમ' કાર્યરત થઈ જશે, જેનાથી નાણાકીય સમાવેશ સંભવ બનશે અને ૧૧ પ્રકારનાં નેટબેંકિંગ, મોબાઇલ બેંકિંગ તથા એ.ટી.એમ.ના માધ્યમથી પોતાનું ખાતું જોઈ શકાશે તથા ટપાલઘરના ખાતામાંથી બેંક ખાતાની વચ્ચે ધનરાશિની ઓનલાઇન અંતરણ (ટ્રાન્સફર) પણ થઈ શકશે. આનાથી ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રોમાં રહેતા ખેડૂતો તેમજ વરિષ્ઠ નાગરિકો માટે 'ઇંટર-ઓપરેબિલિટી તથા નાણાકીય સમાવેશન'ની સુવિધા ઉપલબ્ધ થશે.

દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થયાના ઉત્સવ નિમિત્તે સરકારે અનુસૂચિત વાણિજ્યિક બેંકો દ્વારા દેશના ૭૫ જિલ્લાઓમાં ૭૫ ડિજિટલ બેંકિંગ યુનિટોની સ્થાપના કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. જેનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે ઉપભોક્તા સુધી અનુકૂળ રીતે દેશના દરેક ભાગોમાં ડિજિટલ બેંકિંગની પહોંચ મળતી થાય.

## 5G પ્રૌદ્યોગિકી

શ્રીમતી નિર્મલા સીતારમણે જણાવ્યું છે કે સામાન્ય રીતે દૂરસંચાર અને ખાસ કરીને 5G પ્રૌદ્યોગિકી પ્રગતિ તથા રોજગારીની તકો પૂરી પાડવામાં સમર્થ બનાવી શકાય છે. તેમણે જણાવ્યું કે અપેક્ષિત સ્પેક્ટ્રમ નિલામીઓને નિજી દૂરસંચાર સેવા પ્રદાતાઓ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ની અંદર 5G મોબાઈલ સેવાઓની શરૂઆતને સરળ બનાવવા માટે ૨૦૨૨માં અમલમાં મૂકવામાં આવશે.

## રક્ષા

રક્ષા કાયદા પર આપણી સરકાર નિયંત્રણોને હળવા કરવા તેમજ સશસ્ત્ર બળો માટે સાધનોમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવા માટે કટિબદ્ધ છે. પૂંજીગત ખરીદ બજેટના અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨માં ૫૮ પ્રતિશતથી વધારીને વર્ષ ૨૦૨૨-૨૩માં ગૃહઉદ્યોગ માટે ૬૮ પ્રતિશત સુધી ધનરાશિનું પ્રાવધાન કરવામાં આવશે. રક્ષાના ક્ષેત્રમાં અનુસંધાન તેમજ વિકાસનાં કાર્યોને 'રક્ષા અનુસંધાન તથા વિકાસ બજેટ'ના ૨૫ પ્રતિશત હિસ્સાને ઉદ્યોગ, સ્ટાર્ટ-અપ તથા શિક્ષણ-જગત માટે ખોલી નાખવામાં આવશે.



**પૂંજીગત વ્યયમાં ૩૫.૪ પ્રતિશત વધારો (વર્ષ ૨૦૨૨-૨૩માં ૭.૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ)**

નાણામંત્રીએ ભાર આપીને જણાવ્યું છે કે સાર્વજનિક રોકાણને મોખરાના સ્થાન પર જાળવી રાખવાની જરૂરત છે. અને વર્ષ ૨૦૨૨-૨૩માં નિજી રોકાણ તથા માંગને વધારવા પણ જરૂરી છે. તેને ધ્યાનમાં રાખીને, ફરી એકવાર કેન્દ્રીય બજેટમાં પૂંજીગત ખર્ચ માટે લવાજમ માટે ઝડપથી વધારો કરવામાં આવ્યો છે. હાલમાં આ ચાલુ વર્ષે તે ૫.૫૪ લાખ કરોડ રૂપિયા છે, જેમાં ૩૫.૪ પ્રતિશતનો વધારો કરીને વર્ષ ૨૦૨૨-૨૩માં ૭.૫ લાખ કરોડ રૂપિયા કરી દેવામાં આવ્યો છે. આ વર્ષ ૨૦૧૯-૨૦ના ખર્ચાથી ૨.૨ ગણોથી પણ વધારે થઈ ગયો છે અને વર્ષ ૨૦૨૨-૨૩માં આ લવાજમ જીડીપીનો ૨.૯ પ્રતિશત થઈ જશે. આ રોકાણની સાથે કેન્દ્ર સરકારના 'કારગર પૂંજીગત વ્યય' અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં અનુમાનિત રકમ ૧૦.૬૮ લાખ કરોડ રૂપિયાની થઈ જશે, જો કે જીડીપીનો લગભગ ૪.૧ પ્રતિશત ભાગ રહેશે.

**રાજ્યોને મદદરૂપ થવા માટે ૧ લાખ કરોડ રૂપિયાની ફાળવણી**

સહકારી સંઘવાદની ખરી ભાવનાને જાહેર કરતાં કેન્દ્ર સરકારે 'રાજ્યોને નાણાકીય મદદ માટે નિજી રોકાણ યોજના'ના લવાજમને ૧૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધારીને ચાલુ વર્ષના સંશોધિત અનુમાન પ્રમામે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા સુધી કરી દીધું છે. તેના સિવાય વર્ષ ૨૦૨૨-૨૩ માટે અર્થવ્યવસ્થા માટે બધાં જ રોકાણોને પ્રેરિત કરવાના ઉદ્દેશ્યથી રાજ્યોની મદદ માટે ૧ લાખ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આ ૫૦ વર્ષની વ્યાજમુક્ત લોન રાજ્યોને આપવામાં આવતી સામાન્ય લોન ઉપરાંતની છે. આવી ફાળવણીનો ઉપયોગ પીએમ ગતિ શક્તિ સાથે જોડાયેલા રોકાણો અને રાજ્યોના અન્ય ઉત્પાદક મૂડી રોકાણો માટે કરવામાં આવશે.

**રાજકોષીય નુકસાનમાં ઘટાડો**

નાણામંત્રીએ પોતાના બજેટ ભાષણનો ભાગ-એ પૂર્ણ કરતાં જણાવ્યું કે ચાલુ વર્ષે સંશોધિત નાણાકીય નુકસાન જીડીપીના અનુમાન પ્રમાણે ૬.૯ પ્રતિશત છે, જ્યારે બજેટ અનુમાનમાં તે ૬.૮ પ્રતિશત છે. વર્ષ ૨૦૨૨-૨૩માં રોજકોષીય નુકસાન જીડીપીના અનુમાન પ્રમાણે ૬.૪ પ્રતિશત છે, જ્યારે રાજકોષીય મજબૂતીના તે માર્ગને અનુરૂપ પણ છે, જેની ગત વર્ષે ઘોષણા કરવામાં આવી હતી કે વર્ષ ૨૦૨૫-૨૬ સુધી રાજકોષીય નુકસાનને ૪.૫ પ્રતિશતથી નીચેના સ્તર સુધી લઈ જવામાં આવશે. વર્ષ ૨૦૨૨-૨૩ના રોજકોષીય નુકસાનના સ્તરને નિર્ધારિત કરતી વખત તેમણે મજબૂતી તેમજ ટકાઉપણા માટે સાર્વજનિક રોકાણના માધ્યમથી પ્રગતિની પૂર્તિ કરવાનું આહ્વાન કર્યું.

**પ્રત્યક્ષ કર**

પ્રત્યક્ષ કર વિશે વાત કરીએ તો આ બજેટ કરદાતાઓને ત્રુટિઓમાં સુધાર લાવવા માટે બે વર્ષની અંદર અપડેટ કરેલી 'આવક રિટર્ન' દાખલ કરવાની અનુમતિ આપે છે. તે દિવ્યાંગો માટે પણ રાહત પ્રદાન કરે છે. આ બજેટ સહકારી સમિતિઓ માટે વૈકલ્પિક ન્યૂનતમ કર દર તથા અતિભારમાં પણ ઘટાડો લાવવાનો પ્રસ્તાવ રજૂ કરે છે. સ્ટાર્ટ-અપ માટે પ્રોત્સાહનના સ્વરૂપમાં યોગ્ય સ્ટાર્ટઅપની શરૂઆતના સમયગાળાને વધુ એક વર્ષ માટે વધારવામાં આવ્યો છે.

બજેટમાં કેન્દ્ર સરકારના કાર્મચારીઓ અને રાજ્ય સરકારના કર્મચારીઓ વચ્ચે સમાનતા લાવવાના હેતુથી એનપીએસ ખાતામાં નિયક્તાના યોગદાન પર કરના ઘટાડાની સીમાને વધારવાનો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. નવા ઉત્પાદન એકમોને પણ સબસિડી કર પ્રણાલી અંતર્ગત પ્રોત્સાહિત કરવામાં આવશે. વર્ચ્યુઅલ સંસાધનોના અંતરણ (ટ્રાન્સફર)થી પ્રાપ્ત થયેલ આવક પર ૩૦ પ્રતિશત દરથી કર વસૂલ કરવામાં આવશે.

**અપ્રત્યક્ષ કર**

અપ્રત્યક્ષ કરની બાબતમાં કેન્દ્રીય બજેટ અનુસાર વિશેષ આર્થિક ક્ષેત્રોમાં સીમા-શુલ્ક વહીવટને બધી જ રીતે સૂચના પ્રોદ્યોગિકી દ્વારા સક્ષમ બનાવવામાં આવશે. આ પૂંજીગત વસ્તુઓ તેમજ પરિયોજનાગત આયાતોમાં સબસિડી દરોને અનુક્રમે હટાવવા માટે તથા ૭.૫ પ્રતિશતનો સાધારણ પ્રશુલ્ક પ્રદાન કરે છે. બજેટમાં સીમા-શુલ્ક છૂટછાટ તથા પ્રશુલ્ક સરળીકરણની સમીક્ષાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને તેમાં ૩૫૦થી વધારે પ્રવિષ્ટોની છૂટછાટ આપતા ધીરે-ધીરે હટાવવાનો પ્રસ્તાવ છે.

●



# ભારતીય અર્થવ્યવસ્થાનો ૨૦૨૧-૨૨માં ૯.૨ પ્રતિશત જેટલો વિકાસદર

## ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ના દિને વિદેશી મુદ્રા ભંડાર ૬૩૪ બિલિયન અમેરિકી ડોલર રહ્યો જે ૧૩ મહિનાથી વધુની આયાતની સમકક્ષ તથા દેશના વિદેશી ઋણથી અધિક છે

કેન્દ્રીય નાણા તેમજ કોર્પોરેટ કાર્ય મંત્રી શ્રીમતી સીતારમણે ૩૧ જાન્યુઆરીના દિને સંસદમાં વર્ષ ૨૦૨૧-૨૨ના સમયગાળાની આર્થિક સમીક્ષા પ્રસ્તુત કરી. આર્થિક સમીક્ષામાં જણાવવામાં આવ્યું કે ભારતીય અર્થવ્યવસ્થા વર્ષ ૨૦૨૧-૨૨માં લગભગ ૯.૨ ટકાનો વાસ્તવિક વૃદ્ધિદર નોંધાવશે. તેમાં વર્ષ ૨૦૨૨-૨૩માં ભારતનો આર્થિક વિકાસ દર ૮.૦ - ૮.૫ ટકા હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે.


આર્થિક સમીક્ષા અનુસાર કૃષિક્ષેત્રમાં ગત વર્ષે ૩.૬ ટકા વૃદ્ધિદરની સરખામણીમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૩.૯ ટકા સંભવિત વૃદ્ધિદર છે. ઔદ્યોગિક ક્ષેત્રોમાં વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૭ ટકા વિકાસદર ઝડપથી આગળ વધીને વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૧.૮ ટકા થવાનું અનુમાન છે. સેવાક્ષેત્રનો વૃદ્ધિદર વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન લગભગ ૮.૨ ટકાનો રહેશે.

આર્થિક સમીક્ષામાં જણાવવામાં આવ્યું છે કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ વિદેશી હૂંડિયામણ ૬૩૪ બિલિયન અમેરિકી ડોલર હતું, જે ૧૩ મહિનાથી વધુ સમયની આયાતની સમકક્ષ તથા દેશના વિદેશી ઋણથી અધિક છે. આર્થિક સમીક્ષા ૨૦૨૧-૨૨ની મુખ્ય બાબતો નીચે પ્રમાણે છે.

### અર્થવ્યવસ્થાની સ્થિતિ

- વર્ષ ૨૦૨૦-૨૧માં ૭.૩ ટકાના ઘટાડા પછી વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ભારતીય અર્થવ્યવસ્થાના ૯.૩ ટકા સુધી સૌપ્રથમ અનુમાન અનુસાર વધવાનું અનુમાન છે.
- વર્ષ ૨૦૨૨-૨૩માં જીડીપીનો વિકાસદર ૮થી ૮.૫ ટકા જેટલો રહી શકે છે.
- આર્થિક પુનરુદ્ધારને સમર્થન આપવા માટે, આવતા વર્ષમાં નાણાકીય પ્રણાલી સાથે, નિજી ક્ષેત્રોનાં રોકાણોમાં વધારો થવાની સંભાવના છે.
- વર્ષ ૨૦૨૨-૨૩ માટે આ અનુમાન વિશ્વ-બેંક તથા એશિયાઈ વિકાસ બેંકની અનુક્રમે ૮.૭ તથા ૭.૫ ટકા રિયલ ટર્મ જીડીપી વિકાસદરની સંભાવનાને સુસંગત છે.
- આઈએમએફના તાજેતર વિશ્વ આર્થિક પરિદૃશ્ય અનુમાનને અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ તથા ૨૦૨૨-૨૩

### આ બજેટ 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સિદ્ધ કરવામાં સહાયક નિવડશે - શ્રી અમિતભાઈ શાહ



કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે આ સામાન્ય બજેટને દૂરગામી ગણાવતા જણાવ્યું કે આ બજેટ ભારતીય અર્થવ્યવસ્થામાં આમૂલ પરિવર્તન લાવનાર સાબિત થશે. ટ્વીટમાં શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારનું આ બજેટ ભારતને 'આત્મનિર્ભર' બનાવશે. તેમણે કહ્યું કે તે બદલ હું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણને અભિનંદન પાઠવું છું.

ગૃહ તથા સહકારિતા મંત્રીશ્રીએ જણાવ્યું કે બજેટનું કદ વધારીને ૩૯.૪૫ લાખ કરોડ રૂપિયા કરવું, કોવિડ-૧૯ મહામારી દરમ્યાન પણ ભારતની વેગથી વધતી અર્થવ્યવસ્થાને દર્શાવે છે. રાજકોષીય નુકસાનનું લક્ષ્ય ૬.૯ પ્રતિશતથી ઘટાડીને ૬.૪ પ્રતિશત કરવું તે ઘણી મોટી ઉપલબ્ધિ છે.

શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકારિતા ક્ષેત્રમાં એએમટી (વૈકલ્પિક ન્યૂનતમ કર) દરને ૧૮.૫ પ્રતિશતથી ૧૫ પ્રતિશત અને સરચાર્જને ૧૨ પ્રતિશતથી ૭ પ્રતિશત ઘટાડીને દસકાઓ સુધી સહકારિતા ક્ષેત્ર સાથે થઈ રહેલા અન્યાયને સમાપ્ત કરીને તેને અન્ય ક્ષેત્રોની બરાબરીમાં લાવવાનું કાર્ય કર્યું છે. આ શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના સંકલ્પને સિદ્ધ કરવામાં સહાયક નિવડશે.

તેમણે જણાવ્યું કે પુંજીગત નિવેશને ૩૫ પ્રતિશત વધારીને ૭.૫ લાખ કરોડ સુધી કરવા માટે હું શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન પાઠવું છું.



દરમ્યાન ભારતને રિયલ જીડીપી વિકાસદર ૯ ટકા તથા ૨૦૨૩-૨૪માં ૭.૧ ટકા રહેવાની સંભાવના છે, જેનાથી ભારત આવનાર ત્રણ વર્ષો સુધીમાં દુનિયાની સૌથી વધારે ગતિથી ઊભરતી અર્થવ્યવસ્થા બની રહેશે.

- વર્ષ ૨૦૨૧-૨૨માં કૃષિ અને તેના સંબંધિત ક્ષેત્રોના ૩.૯ ટકા, ઉદ્યોગના ૧૧.૮ ટકા તથા સેવા ક્ષેત્રના ૮.૨ ટકા વધવાનું અનુમાન છે.

### રાજકોષીય મજબૂતાઈ

- વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટ અનુમાન (વર્ષ ૨૦૨૦-૨૧ના છેલ્લા આંકડાઓની સરખામણીમાં) ૯.૬ ટકાની અનુમાનિત વૃદ્ધિની સરખામણીમાં કેન્દ્ર સરકારની આવક (એપ્રિલ-નવેમ્બર ૨૦૨૧) ૬૭.૨ ટકા સુધી વધી ગઈ છે.
- વાર્ષિક આધાર પર એપ્રિલ-નવેમ્બર, ૨૦૨૧ દરમ્યાન સઘળી મહેસૂલ કર આવકમાં ૫૦ ટકાથી વધુ વધારો નોંધવામાં આવ્યો છે, જે વર્ષ ૨૦૧૯-૨૦ના મહામારીના પહેલાંના સ્તરોની સરખામણીમાં પણ ઘણું સારું પ્રદર્શન દર્શાવે છે.

### બાહ્ય ક્ષેત્ર

- ભારતના વાણિજ્યિક નિકાસ તથા આયાતમાં ધમાકેદાર પુનઃપ્રવેશ જોવા મળ્યો છે, તથા ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન તે કોવિડના પહેલાંના સ્તરોથી પણ અધિક છે.
- વર્ષ ૨૦૨૧-૨૨ના પહેલા છમાસિક ગાળામાં વિદેશી હૂંડિયામણ ૬૦૦ બિલિયન ડોલરની સપાટીથી ઉપર નીકળી ગયું અને તે ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધી ૬૩૩.૬ બિલિયન ડોલરના ઊંચા સ્તર પર પહોંચી ગયું.
- નવેમ્બર, ૨૦૨૧ના અંત સુધી, ચીન, જાપાન તથા સ્વિટ્ઝરલેન્ડ પછી ભારત ચોથા ક્રમે, સૌથી વધારે વિદેશી હૂંડિયામણ ધરાવતો દેશ હતો.

### નાણાકીય વ્યવસ્થાપન

- તેની રચનામાં પ્રવાહિતા અધિશેષ રહી.
- વર્ષ ૨૦૨૧-૨૨માં રેપો દર ૪ ટકા પર ટકી રહ્યો.
- ભારતીય રિઝર્વ બેંકે વધુ પ્રવાહિતા (લિક્વિડિટી) પ્રદાન કરવા માટે જી-સેક અધિગ્રહણ કાર્યક્રમ તથા સામાજિક દીર્ઘકાલીન રેપો સંચાલન જેવાં ભિન્ન-ભિન્ન પગલાં લીધાં છે.

### પૂંજી બજારો માટે અસાધારણ વર્ષ

- એપ્રિલ-નવેમ્બર, ૨૦૨૧ દરમ્યાન ૭૫ પ્રારંભિક સાર્વજનિક નિગમ (આઈપીઓ)થી ૮૯,૦૬૬ કરોડ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતા, જે છેલ્લા એક દશકના કોઈ પણ વર્ષ કરતાં સૌથી વધુ છે.
- ૧૮ ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ સેન્સેક્સ તથા નિફ્ટી ૬૧,૭૬૬ તથા ૧૮,૪૭૭ની ઊંચાઈના શિખરે પહોંચ્યો.
- મુખ્ય ઊભરતા બજાર અર્થવ્યવસ્થામાં ભારતીય બજારોને એપ્રિલ ડિસેમ્બર, ૨૦૨૧માં સમકક્ષ બજારોથી સારું પ્રદર્શન કર્યું છે.

### ભાવ અને ફુગાવો

- ૨૦૨૧-૨૨ (એપ્રિલ-ડિસેમ્બરમાં સરેરાશ ટોચનો CPI-સંયુક્ત ફુગાવો સુધરી ૫.૨ ટકા થયો, જ્યારે ૨૦૨૧-૨૨ના આ જ સમયગાળામાં તે ૬.૬ ટકા હતો.
- ખાદ્ય ફુગાવામાં સુધારાને કારણે રિટેલ ફુગાવામાં ઘટાડો થયો હતો.
- ૨૦૨૧-૨૨ (એપ્રિલથી ડિસેમ્બર)માં સરેરાશ ખાદ્ય ફુગાવો ૨.૯ ટકાના નીચા સ્તરે રહ્યો હતો, જ્યારે ગયા વર્ષના આ જ સમયગાળામાં તે ૯.૧ ટકા હતો.

### સતત વિકાસ તથા જળવાયુ પરિવર્તન

- ભારત વિશ્વમાં દસમા સ્થાન પર સૌથી વધુ ક્ષેત્રફળ ધરાવતો દેશ છે.
- ૨૦૧૦થી ૨૦૨૦ દરમ્યાન વનક્ષેત્ર વૃદ્ધિની બાબતમાં વર્ષ ૨૦૨૦માં ભારતનું વિશ્વમાં ત્રીજા નંબરનું સ્થાન રહ્યું.
- ૨૦૨૦માં ભારતના કુલ ભૌગોલિક ક્ષેત્રમાં આવરી લેવામાં આવેલ વનક્ષેત્ર ૨૪ ટકા, એટલે કે વિશ્વના કુલ વનક્ષેત્રના ૨ ટકા.
- ગંગા તથા તેની સહાયક નદીઓના તટો પર અત્યંત પ્રદૂષણકારી ઉદ્યોગો (જીપીઆઈ)ની અનુપાલન સ્થિતિ ૨૦૧૭ના ૩૯%થી સુધરીને ૨૦૨૦માં ૮૧ ટકા થઈ ગઈ છે.

### કૃષિ તથા ખાદ્ય વ્યવસ્થા

- ગત બે વર્ષોમાં કૃષિ ક્ષેત્રમાં વિકાસ જોવા મળે છે. દેશના કુલ મૂલ્યવર્ધન (જીવીએ)માં મહત્ત્વપૂર્ણ ૧૮.૮ ટકા (વર્ષ ૨૦૨૧-૨૨માં)ની વૃદ્ધિ થઈ. આ રીતે વર્ષ ૨૦૨૦-



૨૧માં ૩.૬ ટકા વૃદ્ધિ થઈ અને વર્ષ ૨૦૨૧-૨૨માં ૩.૯ ટકાની વૃદ્ધિ નોંધવામાં આવી.

- પશુપાલન, ડેરી તથા મત્સ્યપાલન સહિત સંબંધિત ક્ષેત્રો ઝડપથી ઉચ્ચ વૃદ્ધિવાળાં ક્ષેત્રોના રૂપમાં તથા કૃષિક્ષેત્રમાં સંપૂર્ણ વૃદ્ધિના મુખ્ય પ્રેરક તરીકે તરી આવે છે.
- વર્ષ ૨૦૧૯-૨૦માં છેલ્લાં પાંચ વર્ષો પૂર્ણ થતાં પશુધન ક્ષેત્ર સીએજીઆર ૮.૧૫ ટકા સાથે વધ્યું.
- ભારત વિશ્વનો સૌથી મોટો ખાદ્ય વ્યવસ્થા કાર્યક્રમ ચલાવે છે. સરકારે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના (પીએમજીકેવાઈ) જેવી યોજનાઓના માધ્યમથી ખાદ્ય સુરક્ષા નેટવર્ક કવરેજનું હજી વધુ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

## ઉદ્યોગો અને બુનિયાદી માળખું

- એપ્રિલ-નવેમ્બર ૨૦૨૧ દરમ્યાન ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંક (આઈઆઈપી) વધીને ૧૭.૪ ટકા (પ્રતિ વર્ષ) થઈ ગયો, જે એપ્રિલ-નવેમ્બર ૨૦૨૦માં (-)૧૫.૩ ટકા હતો.
- ભારતીય રેલવે માટે પૂંજીગત ખર્ચ ૨૦૦૯-૨૦૧૪ દરમ્યાન ૪૫,૯૮૦ કરોડ રૂપિયાની વાર્ષિક સરેરાશથી વધીને ૨૦૨૦-૨૧માં ૧,૫૫,૧૮૧ કરોડ રૂપિયા થઈ ગયા અને ૨૦૨૧-૨૨માં તેને ૨,૧૫,૦૫૮ કરોડ રૂપિયા સુધી વધારવાનું બજેટ રાખવામાં આવ્યું છે. આ રીતે, તેમાં ૨૦૧૪ના સ્તરની સરખામણીમાં પાંચગણો વધારો થયો છે.
- વર્ષ ૨૦૨૦-૨૧માં પ્રતિદિન સડક નિર્માણની સીમા વધારીને ૩૬.૫ કિલોમીટર પ્રતિદિન કરી દેવામાં આવેલ છે, જે વર્ષ ૨૦૧૯-૨૦માં ૨૮ કિલોમીટર પ્રતિદિન હતી. આ રીતે, તેમાં ૩૦.૪ ટકાનો વધારો નોંધાયો છે.
- ઉત્પાદન સાથે સંકળાયેલ પ્રોત્સાહન (પીએલઆઈ) યોજનાના શુભારંભથી લેણ-દેણ ખર્ચ ઘટાડવા તથા વેપારને સરળ બનાવવાનાં કાર્યોમાં સુધાર લાવવાના ઉપાયોની સાથો-સાથ ડિજિટલ તથા વસ્તુગત એમ બન્ને બુનિયાદી માળખાંઓને પ્રોત્સાહન મળ્યું છે, જેનાથી રિક્વરીની ઝડપમાં મદદ મળશે.

## સેવાઓ


- જીવીએની સેવાઓને વર્ષ ૨૦૨૧-૨૨ના જુલાઈ-સપ્ટેમ્બરના ત્રિમાસિક ગાળામાં મહામારી પૂર્વના સ્તરને પાર કરી દીધેલ છે.
- સમગ્ર સેવા ક્ષેત્ર જીવીએમાં વર્ષ ૨૦૨૧-૨૨ દરમ્યાન ૮.૨ ટકાનો વધારો થવાની આશા છે.
- એપ્રિલ-ડિસેમ્બર, ૨૦૨૧ દરમ્યાન રેલવે, માલભાડાને મહામારી-પૂર્વના સ્તરને પાર કરી દીધેલ છે, જ્યારે હવાઈ માલભાડા તથા બંદર દ્વારા મુસાફરી લગભગ પોતાના મહામારી પૂર્વના સ્તરો સુધી પહોંચી ગયેલ છે. હવાઈ તેમજ રેલયાત્રી મુસાફરીમાં ધીરે - ધીરે વધારો જોવા મળી રહ્યો છે, જે દર્શાવે છે કે મહામારીની પહેલી લહેરની સરખામણીમાં બીજી લહેરનો પ્રભાવ ઘણો ઓછો હતો.
- આઈટીબીપીએમ સેવા આવક વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન ૧૯૪ બિલિયન અમેરિકી ડોલરના ઉચ્ચ સ્તરે પહોંચેલ છે. આ સમયગાળા દરમ્યાન આ ક્ષેત્રમાં ૧.૩૮ લાખ કર્મચારીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.
- ભારત, અમેરિકા અને ચીન પછીનું વિશ્વમાં સૌથી મોટું ત્રીજા નંબરનું સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટમ બની ગયેલ છે. નવી માન્યતા પ્રાપ્ત કરેલ સ્ટાર્ટઅપ્સની સંખ્યા વર્ષ ૨૦૨૧-૨૨માં માત્ર ૭૩૫ જ હતી.
- ૪૪ ભારતીય સ્ટાર્ટ-અપ્સોએ ૨૦૨૧ના વર્ષમાં યુનિકોર્નનો દરજ્જો હાંસિલ કર્યો છે, જેનાથી યુનિકોર્ટ સ્ટાર્ટ-અપ્સની કુલ સંખ્યા ૮૩ની થઈ ગઈ છે અને તેમાંથી મોટા ભાગના સેવાક્ષેત્ર સાથે જોડાયેલા છે.

## સામાજિક બુનિયાદી માળખું અને રોજગાર

- અર્થવ્યવસ્થાના પુનરુત્થાનથી રોજગારી સૂચકાંક વર્ષ ૨૦૨૦-૨૧ના અંતિમ ત્રિમાસિક ગાળા દરમ્યાન ફરીથી મહામારી પૂર્વના સ્તર પર આવી ગયેલ છે.
- માર્ચ ૨૦૨૧ સુધી પ્રાપ્ત થયેલ ત્રિમાસિક અવધિના શ્રમબળ સર્વેક્ષણ (પીએફએલએસ) આંકડા અનુસાર, મહામારીને કારણે પ્રભાવિત શહેરીક્ષેત્રમાં રોજગાર લગભગ મહામારી પૂર્વના સ્તર પર પણ પહોંચી ગયેલ છે.
- સામાજિક સેવાઓ (સ્વાસ્થ્ય, શિક્ષણ તથા અન્ય) પર જીડીપીના ગુણોત્તર સ્વરૂપે કેન્દ્ર તથા રાજ્યોનો ખર્ચ જે વર્ષ ૨૦૧૪-૧૫માં ૬.૨ ટકા હતો તે વર્ષ ૨૦૨૧-૨૨ (બજેટ અનુમાન)માં વધીને ૮.૬ ટકા થઈ ગયો છે.
- જલજીવન મિશન અંતર્ગત ૮૩ જિલ્લાઓ 'દરેક ઘરે જળ' જિલ્લાઓ બની ગયા છે.

•





## કિસાન ડ્રોન

### ૨૧મી સદીની આધુનિક ખેતીપદ્ધતિની દિશામાં આ એક નવો અધ્યાય

# બે વર્ષમાં એક લાખ મેડ ઇન ઇન્ડિયા ડ્રોન શક્યતાઓનું અનંત આકાશ પણ ખોલશે

નમસ્કાર. જો નીતિઓ સાચી હોય તો દેશ કેટલો ઊંચો ઊડી શકે? આજનો દિવસ તેનું ઉત્તમ ઉદાહરણ છે. થોડાં વર્ષો પહેલાં સુધી જ્યારે દેશમાં ડ્રોનનું નામ લેવામાં આવતું હતું ત્યારે એવું લાગતું હતું કે તે સેના સાથે જોડાયેલી સિસ્ટમ છે. આ વસ્તુઓ દુશ્મનો સામે લડવા માટે વપરાય છે. સમાન શ્રેણીમાં વિચાર્યું. પરંતુ આજે આપણે માનેસરમાં ખેડૂત ડ્રોન સુવિધાનું ઉદાહરણ આપી રહ્યા છીએ. ૨૧મી સદીની આધુનિક ખેતી પદ્ધતિની દિશામાં આ એક નવો અધ્યાય છે. મને ખાતરી છે કે આ પ્રક્ષેપણ માત્ર ડ્રોન ક્ષેત્રના વિકાસમાં એક સીમાચિહ્નરૂપ સાબિત થશે નહીં, પરંતુ તે શક્યતાઓનું અનંત આકાશ પણ ખોલશે. મને એ પણ જણાવવામાં આવ્યું છે કે ગરુડ એરોસ્પેસે આગામી બે વર્ષમાં એક લાખ મેડ ઇન ઇન્ડિયા ડ્રોન બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે. આનાથી ઘણા યુવાનોને નવી નોકરીઓ અને નવી તકો મળશે. આ માટે હું ગરુડ એરોસ્પેસની ટીમ અને તમામ યુવા સાથીઓને અભિનંદન પાઠવું છું.


સાથીઓ, દેશ માટે આ સમય આઝાદીના અમૃત મહોત્સવનો સમય છે. આ યુવા ભારતનો સમય છે અને ભારતના યુવાનોનો સમય છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશમાં જે સુધારા થયા છે. યુવાનો અને ખાનગી ક્ષેત્રને નવી તાકાત મળી છે. ભારતે પણ ડ્રોન અંગેની આશંકાઓમાં સમય બગાડ્યો નથી. અમે યુવા પ્રતિભા પર વિશ્વાસ કર્યો અને નવા વિચાર સાથે આગળ વધ્યા.

આ બજેટમાં કરવામાં આવેલી જાહેરાતોથી લઈને અન્ય નીતિગત નિર્ણયોમાં દેશે ખુલ્લેઆમ ટેક્નોલોજી અને ઈનોવેશનને પ્રાથમિકતા આપી છે, જેનાં પરિણામો આજે આપણી સામે છે. હવે આપણે જોઈ રહ્યા છીએ કે ડ્રોનનો ઉપયોગ કેટલો વૈવિધ્યસભર છે. બીટિંગ રીટ્રીટ દરમિયાન, સમગ્ર દેશે ૧૦૦૦ ડ્રોનનું અદ્‌ભુત પ્રદર્શન જોયું.

આજે સ્વામિત્વ યોજના અંતર્ગત ગામમાં ડ્રોન દ્વારા જમીન અને મકાનોના હિસાબ તૈયાર કરવામાં આવી રહ્યા છે. ડ્રોન દ્વારા દવાઓ સપ્લાય કરવામાં આવી રહી છે. રસી મુશ્કેલ વિસ્તારોમાં પહોંચી રહી છે. ઘણી જગ્યાએ ડ્રોને ખેતરોમાં દવાનો છંટકાવ પણ શરૂ કરી દીધો છે. કિસાન ડ્રોન હવે આ દિશામાં નવા યુગની ક્રાંતિની શરૂઆત છે. ઉદાહરણ તરીકે, આવનારા સમયમાં, ઉચ્ચ ક્ષમતાવાળા ડ્રોનની મદદથી, ખેડૂતો તેમના ખેતરમાંથી તાજાં શાકભાજી, ફળો, ફૂલો બજારમાં મોકલી શકે છે. માછલી ઉછેર સાથે સંકળાયેલા લોકો તળાવ, નદી અને દરિયામાંથી સીધી તાજી માછલી બજારમાં મોકલી શકે છે. ઓછા સમયમાં, ઓછામાં ઓછા નુકસાન સાથે, માછીમારો, ખેડૂતોનો માલ બજારમાં પહોંચશે, તો મારા ખેડૂત ભાઈઓ અને મારા માછીમાર ભાઈ-બહેનોની આવક પણ વધશે. આવી અનેક શક્યતાઓ આપણી સમક્ષ દસ્તક આપી રહી છે.

મને ખુશી છે કે દેશની ઘણી વધુ કંપનીઓ આ દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. ભારતમાં ડ્રોન સ્ટાર્ટ-અપ્સની નવી ઈકોસિસ્ટમ બનાવવામાં આવી રહી છે. હાલમાં, દેશમાં ૨૦૦થી વધુ ડ્રોન સ્ટાર્ટ-અપ્સ કાર્યરત છે. ટૂંક સમયમાં તેમની સંખ્યા હજારોમાં પહોંચી જશે. તેનાથી લાખો નવી રોજગારીની તકો પણ ખૂલશે. મને વિશ્વાસ છે કે આવનારા સમયમાં ભારતની આ વધતી ક્ષમતા ડ્રોનના ક્ષેત્રમાં સમગ્ર વિશ્વને નવું નેતૃત્વ આપશે. આ વિશ્વાસ સાથે, આપ સૌનો ખૂબ ખૂબ આભારી હું આપ સૌને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. યુવાનોની હિંમતને મારી શુભેચ્છાઓ. આજે જે સ્ટાર્ટ-અપ વિશ્વ ઊભું થયું છે. હિંમત કરનારા આ યુવાનો જોખમ ઉઠાવી રહ્યા છે. હું તેમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. અને સતત તમારી સાથે રહીને, ભારત સરકારની નીતિઓ સાથે ખભેખભા મિલાવીને, તમે તમારા આગળના માર્ગમાં કોઈ અવરોધ આવવા દેશો નહીં. હું તમને ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.





# ૮,૦૦૦ કિલોમીટરની રેલવે લાઇનોનું વિદ્યુતીકરણ પૂર્ણ થઈ ગયું ૪,૫૦૦ કિલોમીટર નવી લાઇન અથવા તેના ડબલિંગનું કામ પણ પૂર્ણ

નમસ્કાર!

મિત્રો, આપણે બધા જાણીએ છીએ કે ભારતીય રેલવે દ્વારા એક દિવસમાં મુસાફરી કરતા લોકોની સંખ્યા ઘણા દેશોની વસ્તી કરતાં ઘણી વધારે છે. ભારતીય રેલવેને સુરક્ષિત, સુવિધાજનક અને આધુનિક બનાવવી એ અમારી સરકારની ટોચની પ્રાથમિકતાઓમાંની એક છે. કોરોના વૈશ્વિક રોગચાળો પણ આપણી પ્રતિબદ્ધતાને ખતમ કરી શક્યો નથી. છેલ્લાં બે વર્ષમાં રેલવેએ નૂર પરિવહનમાં નવા રેકોર્ડ બનાવ્યા છે. ૮,૦૦૦ કિલોમીટરની રેલવે લાઈનોનું વિદ્યુતીકરણ પણ પૂર્ણ થઈ ગયું છે. લગભગ ૪,૫૦૦ કિલોમીટર નવી લાઈન અથવા તેના ડબલિંગનું કામ પણ પૂર્ણ થયું છે. કોરોનાના સમયગાળા દરમિયાન જ અમે કિસાન રેલ દ્વારા ખેડૂતોને દેશભરના બજારો સાથે જોડ્યા છે.

અમે પીએમ ગતિશક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન તૈયાર કર્યો છે. કેન્દ્ર સરકારના દરેક વિભાગ, રાજ્ય સરકારો, સ્થાનિક સંસ્થાઓ અને ખાનગી ક્ષેત્રને એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર લાવવાનો પ્રયાસ છે જેથી કરીને કોઈપણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને લગતી દરેક માહિતી દરેક હિતધારક પાસે અગાઉથી હોવી જોઈએ. તો જ દરેક વ્યક્તિ પોતપોતાના કામના ભાગનો અમલ કરી શકશે અને તેનું યોગ્ય આયોજન કરી શકશે. મુંબઈ અને દેશના અન્ય રેલવે પ્રોજેક્ટ માટે અમે ગતિશક્તિની ભાવના સાથે કામ કરવા જઈ રહ્યા છીએ.


મિત્રો, અહીં વર્ષોથી એક વિચાર પ્રવર્તે છે કે આપણે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો દ્વારા ઉપયોગમાં લેવાતાં સંસાધનોમાં રોકાણ કરવાની જરૂર નથી. પરિણામે, ભારતના જાહેર પરિવહનની છબીને હંમેશા નુકસાન થયું છે. પરંતુ હવે ભારત એ જૂના અભિગમને છોડીને આગળ વધી રહ્યું છે. આજે ગાંધીનગર અને ભોપાલનાં આધુનિક રેલવે સ્ટેશનો રેલવેની ઓળખ બની રહ્યાં છે. આજે, ૬૦૦૦ થી વધુ રેલવે સ્ટેશનો Wi-Fi સુવિધાઓ સાથે જોડાયેલાં છે. વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનો ભારતની રેલવેને ઝડપ અને આધુનિક સુવિધાઓ આપી રહી છે. આગામી વર્ષોમાં, ૪૦૦ નવી વંદે ભારત ટ્રેનો દેશવાસીઓને સેવા આપવાનું શરૂ કરશે.

ભાઈઓ અને બહેનો, અમારી સરકારે બીજો અભિગમ બદલ્યો છે અને તે છે રેલવેનો તેની પોતાની ક્ષમતામાં વિશ્વાસ. ૭-૮ વર્ષ પહેલાં સુધી દેશમાં રેલ કોચ ફેક્ટરીઓ વિશે ઘણી ઉદાસીનતા હતી. આ ફેક્ટરીઓની હાલત જોતાં કોઈ કલ્પના પણ કરી શકે નહીં કે આ ફેક્ટરીઓ આધુનિક ટ્રેનો પણ વિકસાવી શકે છે. પરંતુ આજે વંદે ભારત ટ્રેન અને સ્વદેશી વિસ્ટાડોમ કોચ એક જ ફેક્ટરીમાં બની રહ્યા છે. આજે, અમે સ્વદેશી ઉકેલો સાથે અમારી સિગ્નલિંગ સિસ્ટમને આધુનિક બનાવવા પર પણ સતત કામ કરી રહ્યા છીએ. અમને સ્વદેશી ઉકેલ જોઈએ છે અને અમે વિદેશી અવલંબનમાંથી મુક્તિ ઈચ્છીએ છીએ.

●



# રાષ્ટ્રપ્રેમનું હિમશિખર - શ્રી ગુરુજી
# સમાજસેવાના ભેખધારી - ભારત રત્ન શ્રી નાનાજી દેશમુખ
# વિચારધારાના વાહક - શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર



માધવરાવ ગોળવલકર - શ્રી ગુરુજીએ સન ૧૯૪૦થી ૧૯૭૩ સુધી રા.સ્વ. સંઘની પ્રવૃતિને રાષ્ટ્રીયથી લઈ આંતરરાષ્ટ્રીય સ્તર સુધી વિસ્તારી સંઘને વટવૃક્ષનું સ્વરૂપ આપી દીધું. શ્રી ગુરુજીના દૃઢ નિશ્ચય, કઠોર પરિશ્રમ, પ્રખર બુદ્ધિમત્તા અને પ્રબળ આત્મવિશ્વાસે સંઘકાર્યને અને સંઘની પ્રતિષ્ઠાને એક નવી ઊંચાઈ અને ગરિમા આપી.

૧૯ ફેબ્રુઆરીએ શ્રી ગુરુજીના જન્મદિને "મૈં નહીં તૂ હી"ની ભાવના પ્રબળ બનાવીએ.

૨૭ ફેબ્રુઆરીએ શ્રી નાનાજીની પુણ્યતિથિ નિમિત્તે સમાજસેવાનો સંકલ્પ લઈ, તેઓના પ્રેરણાદાયી જીવનનું પુણ્યસ્મરણ કરીએ.

૩ માર્ચના રોજ શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકરનો જન્મદિન છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું છે કે, વિદ્વાન, વ્યવહારુ, વિચારક, વિનોદી, વેગીલું, વૈવિધ્યસભર, વિશાળ વ્યક્તિત્વ એટલે વસંતભાઈ.. મનોગતની પરંપરા રહી છે કે, સંઘ, જનસંઘ અને ભાજપના મૂલ્યનિષ્ઠ, પ્રમાણનિષ્ઠ, વિચારનિષ્ઠ અને કર્તવ્યનિષ્ઠ મહાપુરુષોના જીવનના પ્રેરક વિચારો કાર્યકર્તાઓ માટે વારંવાર પ્રસિદ્ધ કરીએ છીએ. મનોગતના આ અંકમાં એક સાથે ત્રણ મહાપુરુષોના પ્રેરણાદાયી અને માર્ગદર્શક વિચારો રજૂ કર્યા છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક મા. શ્રી માધવરાવ સદાશિવરાવ ગોળવલકરજી (પ.પૂ. ગુરુજી) સમગ્ર હિન્દુ રાષ્ટ્રીય ધરોહરના સીમાચિહ્ન સમા એક ગૌરવાન્વિત મહાપુરુષ હતા. પ્રખર રાષ્ટ્રભાવનાની સાથોસાથ રાષ્ટ્રને સમર્પિત સમગ્ર જીવન, ત્યાગ અને સમર્પણનો સુભગ સમન્વય એમના જીવનદર્શનમાં જોવા મળે છે.

### પ્રસિદ્ધિનો મોહ નહીં

જાહેર જીવનમાં રહેલી દરેક વ્યકિતને પ્રસિદ્ધિની ખેવના સ્વભાવતઃ હોય છે. મૃત્યુ પછી પણ કીર્તિરૂપે જીવતા રહેવાની ઈચ્છા તેઓ સેવતા હોય છે. પણ આવી ખેવના ગુરુજીને તલભાર પણ નહોતી. તેમના છેલ્લા પત્રમાં તેમણે લખ્યું છે કે, "મને ભૂલી જજો, પણ સંઘને ભૂલશો નહિ. તેઓ માનતા કે કાર્યની પ્રસિદ્ધિ થવી જોઈએ, કાર્યકરની નહિ. ગુરુજીએ મોટા ભાગે પોતાના ફોટા લેવા દીધા નહિ. આપણને કોઈ મોટા કહે, મોટા માને, ગૌરવ કરે, એમ તેમણે કયારેય લાગવા દીધું નહિ. તેમણે હંમેશાં પોતાનું વર્તન આવું જ રાખ્યું. તેમણે ક્યારેય હાર પહેરાવવા દીધો નહિ, પગ પર કોઈને માથું ટેકવવા દીધું નહિ.

### તુમ નહિ, હમ કરેં રાષ્ટ્ર આરાધના

સ્વયંસેવકના નિર્માણ અને ઘડતરની બાબતમાં શ્રી ગુરુજી હંમેશા નાની નાની બાબતોમાં પણ કાળજી રાખતા. એકવાર એક કાર્યક્રમમાં એક સ્વયંસેવકે મધુર કંઠે ગીત ગાવાનું શરૂ કર્યું: 'તુમ કરો રાષ્ટ્ર આરાધના..." હજુ તો ગીતની પહેલી પંક્તિ પૂરી થાય એ પહેલાં જ ચાલુ કાર્યક્રમમાં ગુરુજીએ ગીત ગાતા સ્વયંસેવકને રોકયા. એમણે સ્વયંસેવકને કહ્યું, 'ભાઈ, 'તુમ કરો રાષ્ટ્ર આરાધના નહીં, હમ કરેં રાષ્ટ્ર આરાધના' એ પ્રકારનો શબ્દપ્રયોગ કરો." આ બધું તમારે કરવાનું છે', 'સરકારે કરવાનું છે" એમ નહીં, આ "મારે કરવાનું છે' એવી ભાવના પ્રબળ બનાવો.

### નેતા અને કાર્યકર્તા વચ્ચે એકસમાન - ભેદ નહીં

એક બેઠકમાં શ્રી ગુરુજી કાર્યકર્તાઓ વચ્ચે વાતચીત અને પૂછપરછ કરતા હતા. એક કાર્યકર્તાએ ઊભા થઈ કહ્યું, 'મારા કાર્યકર્તાઓ કોઈ કામ નથી કરતા. ગુરુજીએ તુરત એ




કાર્યકર્તાને ટકોર કરતાં કહ્યું, 'નહીં, તમારી આ કલ્પના તદ્દન ખોટી છે. મારા કાર્યકર્તા નહીં, આપ એમ કહો કે મારા સાથીદાર, મારા સહયોગી. મારા કાર્યકર્તા નહીં.' આવી કોઈ ભેદરેખા ગુરુજીને મંજૂર નહોતી. અધિકારી અને સ્વયંસેવક, નેતા અને તેની પાછળ ચાલનારા સમર્થકો – એ ભાવ એમને ખપતો નહોતો. એક અખંડ રૂપ ગુરુજીને મંજૂર હતું.

### મૈં નહીં તૂ હી

એક વાર ધર્મયુગના તંત્રીશ્રીએ ભારતભરના ગણમાન્ય લોકોને પોતાના મેગેઝીન માટે લખવા માટે આમંત્રણ આપ્યું હતું કે આપ આપના જીવનનું ધ્યેય - વાક્ય લખી મોકલો. દેશના ઘણા મહાનુભાવોએ વાકયો લખી મોકલ્યાં હતાં. શ્રી ગુરુજીને પણ લખવા માટે આમંત્રણ મળેલ પણ ગુરુજીએ જવાબ નહોતો લખ્યો. આખરે ધર્મયુગના તંત્રીએ ગુરુજીને રૂબરૂ મળી, ખૂબ આગ્રહ કર્યો ત્યારે ગુરુજીએ ફક્ત બે જ શબ્દો લખ્યા હતા. પોતાના જીવનના ધ્યેયવાકય તરીકે એમણે લખ્યું હતું - ''મૈં નહીં તૂ હી'' અર્થાત્ હું નહીં ફક્ત તું જ. આ ફક્ત તું જ કહેવું એ માત્ર શબ્દો નહોતા. એ તેમના જીવનની શ્રદ્ધા હતી, તેમનો જીવનવ્યવહાર હતો. આ ચાર શબ્દોમાં શ્રી ગુરુજીનું સંપૂર્ણ જીવન સમાયેલું હતું. આ 'તૂ' એટલે કોણ ? સંઘ, સમાજ અને ઈશ્વર. તેઓ આ ત્રણેયને એકરૂપ કરીને ચાલતા. ત્રણેયની સેવામાં વિરોધ નહીં, વિસંગતિ નહીં.

•



ભારતીય જનસંઘ અને ભારતીય જનતા પાર્ટીએ દેશને મૂલ્યનિષ્ઠ રાજનેતાઓની એક લાંબી શૃંખલા આપી છે. આ શ્રૃંખલાનો એક મણકો એટલે શ્રી નાનાજી દેશમુખ. નાનાજીનું વ્યક્તિત્વ બહુમુખી હતું. એમનું વિચારક્ષેત્ર વ્યાપક હતું. નાનાજી દેશમુખ એક ઋષિતુલ્ય વ્યક્તિત્વ અને સાચા અર્થમાં સંઘ વિચારને જીવી જનારા મહામાનવ હતા. ભારતની સંસ્કૃતિ, પરંપરાઓ અને સંસ્કાર આધારિત જનજીવનની પુનઃ રચના તેઓનું સપનું હતું. નાનાજી બાલ્યકાળથી સંઘના સ્વયંસેવક અને પં. દીનદયાળ ઉપાધ્યાયના સહાધ્યાયી હતા.

### જનસંઘમાં જોડાયા અને જલકમલવત્ રાજનેતા બની રહ્યા

દેશ હિન્દુત્વ દર્શન આધારિત રાજકીય પાર્ટીની જરૂરિયાત જણાતાં ૧૯૫૧માં ડો. શ્યામાપ્રસાદ મુખર્જીએ રા. સ્વ. સંઘના દ્વિતીય સરસંઘચાલક પ. પૂ. શ્રી ગુરુજીના માર્ગદર્શન અને આશીર્વચનથી 'ભારતીય જનસંઘ'ની સ્થાપના કરી. જનસંઘના વિકાસ અને વિસ્તાર માટે શ્રી ગુરુજીએ નાનાજી દેશમુખને ઉત્તર પ્રદેશ જનસંઘનું દાયિત્વ સોંપ્યું. નાનાજી સંગઠનના માહિર વ્યક્તિ હતા. કાર્યકર્તાઓ એમના સાન્નિધ્યમાં મોકળાશ અનુભવતા. પક્ષના કાર્યકર્તાઓ અને આગેવાનો સાથે તો મીઠા અને સારા સંબંધો રાખતા જ, પરંતુ અન્ય રાજકીય પક્ષના આગેવાનો સાથે પણ સારા સંબંધ રાખતા. ઉત્તર પ્રદેશના એ વખતના પીઢ રાજકારણી એવા ચંદ્રભાણ ગુપ્તાને નાનાજીએ ત્રણ-ત્રણ વખત ચૂંટણીમાં હરાવ્યા. તેમ છતાં ચંદ્રભાણ ગુપ્તાના નાનાજી સાથે મિત્રવત્ સંબંધો રહ્યા. દીનદયાળજીનું માર્ગદર્શન, અટલજીની વક્તૃત્વ કળા અને નાનાજીની સંગઠનશક્તિને કારણે ઉત્તર ભારતમાં જનસંઘ પ્રબળ રાજકીય પક્ષ તરીકે બહાર આવ્યો સ્વાતંત્ર્યોત્તર કાળમાં કોંગ્રેસના વિકલ્પરૂપે કોઈ મજબૂત રાજકીય પક્ષના અસ્તિત્વના અભાવે કેન્દ્ર અને રાજ્યોમાં એકચક્રી શાસનને તોડી, ભારતીય જનસંઘને વૈકલ્પિક રાજકીય પક્ષ બનાવવા માટેના અથાગ પ્રયાસોમાં નાનાજીનું યોગદાન અનન્ય, અમૂલ્ય રહ્યું.

### સમાજસેવાના ભેખધારી બન્યા ?

કટોકટી પછી ૧૯૭૭માં દેશમાં શ્રી મોરારજીભાઈ દેસાઈની સરકાર રચાય અને નાનાજીને પ્રધાનમંડળમાં સામેલ થવા આમંત્રણ આપવામાં આવ્યું ત્યારે નાનાજીએ સવિનય ઈન્કાર કરતાં મોરારજીભાઈને પણ સલાહ આપતાં કહ્યું હતું કે સત્તાનાં સૂત્રો યુવાન લોકોને સોંપી નિવૃત્ત થવું જોઈએ. ત્યારે મોરારજીભાઈ રોષિત થયેલા. નાનાજીએ સંસદમાં કહેલું કે ૬૦ વર્ષની ઉંમરે રાજનેતાઓએ નિવૃત્તિ લઈ સમાજસેવાના કાર્યમાં લાગી જવું જોઈએ. નાનાજીને જ્યારે ૬૦ વર્ષ પૂર્ણ થયાં તે દિવસથી જ તેઓ સાંસદ તરીકે



નિવૃત્તિ લઈ સમાજસેવાના કાર્યમાં લાગી ગયા.

નાનાજી દેશમુખે 'દીનદયાળ શોધ સંસ્થાન'ની સ્થાપના કરી અને તેના માધ્યમ દ્વારા ઉત્તર પ્રદેશનો ગોંડા જિલ્લો લાંબા સમયથી દેશના સૌથી વધુ પછાત જિલ્લાઓમાંનો એક જિલ્લો રહ્યો છે. નાનાજીએ જિલ્લાને દત્તક લીધા બાદ બે વર્ષના ગાળામાં જ ૨૦,૦૦૦ ટયૂબવેલ ખોદવાના લક્ષ્યાંક સામે ૨૮,૦૦૦ ટયૂબવેલ ખોદાઈ ગયા. દીનદયાળ શોધ સંસ્થાને લોકોને સરકારી સહાય અને બેંકની લોનનો લાભ લેતાં શીખવ્યું.

ગોંડા જિલ્લાના ખેડૂતોએ સિંચાઈની સમસ્યાના ઉકેલ માટે લોખંડના પાઈપોને બદલે વાંસના બાબુનો ઉપયોગ શરૂ કર્યો. બળદની મદદથી ચાલતા વોટરપમ્પ, ગામડાના મોચીએ બનાવેલી બાટાને ટક્કર મારે તેવી મોજડી, ગોમૂત્ર અને ગોબરના ખાતરના પ્રયોગો દ્વારા બમણું અન્ન ઉત્પાદન વગેરે પ્રવૃત્તિઓએ ખેડૂતોને સ્વાવલંબી બનાવ્યા.

આજે ગોંડા, બીડ અને ચિત્રકૂટની આસપાસનાં ૫૦૦ જેટલા ગામડાં સંપૂર્ણ સ્વાવલંબી છે.

નાનાજીએ ચિત્રકૂટ ખાતે જ દેશની પહેલી "ગ્રામોદય વિશ્વવિદ્યાલય"ની સ્થાપના કરી અને તેના પહેલા કુલાધિપતિ બન્યા.

દીનદયાલ શોધ સંસ્થાને શરૂ કરેલા ગ્રામોદયના વિભિન્ન કાર્યક્રમોને કારણે એક લાખ કરતાં વધારે પરિવારોની આર્થિક સ્થિતિમાં સુધારો થયો.

ગોંડા ગ્રામોદય પ્રકલ્પને માત્ર દેશના લોકોએ જ નહિ, પરંતુ દુનિયાના લોકોએ વખાણી, નાનાજીના આ વિચારનું અવલોકન કર્યું છે.

ઇંગ્લેંડના (ભારત ખાતેના) હાઈકમિશનર જહોન થોમસ ગોંડા પ્રકલ્પના સમગ્ર વિસ્તારમાં મોટર સાઈકલ પર ફરી, સમગ્ર પ્રકલ્પ રસપૂર્વક નિહાળ્યો હતો. નાનાજીના વિચારોથી ખેડૂતોએ જે કમાલ કરી બતાવી હતી, તે નિહાળી હાઈકમિશનર ચકિત રહી ગયા હતા.

શિક્ષણક્ષેત્રે પણ નાનાજીને અત્યંત રુચિ હતી. ૧૯૫૦માં આજની વિદ્યાભારતીના મૂળ સમું પહેલું સરસ્વતી શિશુમંદિર તેઓએ ગોરખપુરમાં શરૂ કર્યું હતું. આજે દેશભરમાં વિદ્યાભારતી સંચાલિત સ્થાપેલ ૫૦,૦૦૦ કરતાં વધુ શૈક્ષણિક એકમો કાર્યરત છે.

•



શ્રી વસંતભાઈ ગજેન્દ્ર ગડકર જન્મે મરાઠી હોવા છતાં, શાળાથી માંડીને કોલેજ સુધીનો અભ્યાસ તેમણે ગુજરાતમાં કર્યો હોઈ ગુજરાતમાં જ તેમના જીવનનું ઘડતર થયું હતું અને તેની કર્મભૂમિ પણ ગુજરાત બની રહી તા. ૮-૩-૧૯૨૬ના રોજ મહારાષ્ટ્રના સતારામાં જન્મેલ વસંતભાઈએ બી.કોમ, એલ.એલ.બી. સુધીનો અભ્યાસ ગુજરાતમાં કરેલ.

પ્રચારક-જીવન દરમ્યાન જ તેમણે જીવનનું ધ્યેય નક્કી કરી લીધું હતું. જીવનમાં કંઈક કરવું જોઈએ એવો એમનો સંકલ્પ હતો. જીવનધ્યેયની પરિપૂર્તિની આડે જે આવ્યું છે તે તેમણે છોડ્યું. જનસંઘનું કાર્ય કરતા હતા ત્યારે કુટુંબના વડીલે તેમને માટે સારી નોકરીની શોધ કરી, પણ વસંતભાઈ તે નકારી. જો તેમણે તે સારી નોકરી સ્વીકારી હોત તો તે ઘણા સુખી થયા હોત પણ આમ કરવા જતાં જીવનધ્યેય છોડવું પડતું હતું. જે વસંતભાઈને સ્વીકાર્ય ન હતું.

## કાર્યકર્તાઓના 'ધ્રુવતારક'

વસંતભાઈનું સમગ્ર જીવન કાર્યકર્તા માટે પ્રેરણાદાયી બની રહે તેવું છે. વસંતભાઈ ઉત્તમ લોકસંગ્રહી હતા. એ જેના સંપર્કમાં આવતા તેને ઝડપથી જીતી લેતા. એમની વ્યક્તિની પરખ કરવાની શકિત ગજબની હતી. દરેક વ્યક્તિની શક્તિને અનુરૂપ કામ તેઓ સોંપતા. તેઓ કહેતા કે આળસ અને નિષ્ક્રિયતા સંગઠનના મોટા શત્રુ છે. એ સતત કાર્યક્રમો આપતા, તેની જવાબદારી અનેક કાર્યકર્તાઓમાં વહેંચતા.

વંસતભાઈ કદી અધિકારના કેન્દ્રીકરણની તરફેણ નહોતા કરતા. નિર્ણય એક જ જગ્યાએથી, ગણ્યાગાંઠયા લોકો જ લે અને બાકીના તેને અનુસરે એ સ્વસ્થ પરંપરા નથી. નિર્ણયમાં વધુમાં વધુ કાર્યકર્તાઓની ભાગીદારી તેઓ ઇચ્છતા.

કાર્યકર્તાના પારિવારિક જીવન તરફ પણ તેઓ દુર્લક્ષ ન કરતા. કાર્યકર્તા સાથેનો તેમનો સંબંધ માત્ર કાર્યાલય



પૂરતો જ મર્યાદિત ન રહેતાં કુટુંબ સુધી વિસ્તરતો.

વસંતભાઈ ચર્ચાને કાયમ આવકારતા. કાર્યકર્તા સિદ્ધાંતનિષ્ઠ, અભ્યાસુ અને નિર્ભિક હોવા જોઈએ. એ ગુણો કેળવાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહેતા. કાર્યકર્તા ખુલ્લા દિલે વસંતભાઈ જોડે ચર્ચા કરતા.

વસંતભાઈ દ્રઢપણે માનતા કે સંગઠનના પાયામાં કાર્યકર્તા રહેલો છે. કાર્યકર્તા એ સંગઠનના પરિચયપત્ર જેવો છે. એના આચાર, વિચાર, વ્યવહાર દ્વારા જનતા સંગઠન માટે અભિપ્રાય બાંધે છે. વસંતભાઈ કાર્યકર્તાના સર્વાંગીણ ઘડતર માટે અભ્યાસવર્ગોના આયોજન પર વધુ ભાર મૂકતા. કાર્યકર્તા સંગઠનને સાચવે, સંગઠન કાર્યકર્તાની ચિંતા કરે એવો વ્યવહાર એમણે ઊભો કર્યો હતો.

## પુરુષાર્થી જીવ

વસંતભાઈનો મૂળ જીવ તો સંઘનો. એ જનસંઘમાં ગયા એની પાછળ સત્તાલાલસા ન હતી - પદલાલસા ન હતી. એ સમયની માંગ હતી. ગુજરાતમાં જનસંઘને સ્થિર કરવામાં અને પ્રતિષ્ઠા અપાવવામાં વસંતભાઈનો મોટો ફાળો છે.

કેવા કપરા અને નિરાશા જ સાંપડે તેવા દિવસોમાં પક્ષને ઊભો કરવા માટે વસંતભાઈએ કાર્ય કર્યું છે તેનું એક જ ઉદાહરણ પૂરતું છે.

ગુજરાતમાં જનસંઘની શરૂઆતના એ દિવસો હતા. પક્ષને વિસ્તારવા અને મજબૂત કરવા વસંતભાઈ સતત પ્રવાસ કરતા.એકવાર ખૂબ ઠંડીના દિવસોમાં આણંદનો કાર્યક્રમ ગોઠવાયો. વસંતભાઈને ઠંડી ખૂબ લાગતી એટલે સ્વેટર, શાલ, ટોપી, મોજાં વગેરેમાં ઢબૂરાઈને આણંદ સ્ટેશને ઊતર્યા. તેમને લેવા એક કાર્યકર્તા આવ્યા. બેઠક અંગે ચર્ચા કરીને તેઓ કાર્યકર્તા સાથે ચાલી નીકળ્યા. વસંતભાઈને એક દુકાને બેસાડી કાર્યકર્તા "હમણાં આવું છું." કહીને ગયા. દોઢેક કલાક બાદ કાર્યકર્તા આવ્યા, અને કહ્યું, "વસંતભાઈ, હજુ ત્રણ-ચાર કાર્યકર્તાઓને બેઠકની સૂચના દેવાની છે. હમણાં આવું છું." કહીને કાર્યકર્તા ગયા ને ફરી એકાદ કલાકે પાછા આવ્યા.

વસંતભાઈ અને કાર્યકર્તા બેઠકના સ્થળે ગયા. જેમના ઘેર બેઠક રાખી હતી તે ભાઈને બેઠકની માહિતી કે સૂચના જ ન હતી. તેમણે કહ્યું, "બેઠક મારે ઘેર છે તેની મને ખબર જ નથી."

કાર્યકર્તા, વસંતભાઈ અને પેલા જેના ઘેર ગયા હતા તે કાર્યકર્તા થોડીવાર ઘરની બહાર ઊભા રહ્યા, જનસંઘ વિષે થોડી ચર્ચા કરી અને વસંતભાઈ તુરત ફરી પાછા ઠંડીમાં રેલવે સ્ટેશને જતા રહ્યા.

રસ્તામાં વસંતભાઈએ પેલા કાર્યકર્તાને ખભે હાથ મૂકી બીજીવારના પ્રવાસની તારીખ નક્કી કરી અને બેઠકની વ્યવસ્થાની સૂચનાઓ આપી. ન તો તેમની ઝાટકણી કાઢી કે ન તો નારાજગી વ્યક્ત કરી.

સંગઠનનાં તમામ કામ કાર્યકર્તાઓ જાતે કરે તેના તેઓ આગ્રહી હતા. પક્ષના વડા તરીકે માત્ર આદેશ આપીને સૂચના કરીને બેસી ન રહેતા. તેઓ કાર્યકર્તાના કામમાં ભાગ પડાવતા. જનસંઘના શરૂઆતના કાળમાં પ્રચાર માટે રોડ પેઈન્ટીંગ, પોસ્ટર ચોંટાડવાં, સરઘસ માટેના પ્લેકાર્ડ લખવાનું કામ તેઓ પોતે પણ કરતા. કાર્યાલયમાં સફાઈમાં તો તેઓ કાયમ કાર્યકર્તાને સાથ આપતા. કોઈ કામ નાનું નથી કે કોઈ કામ મોટું નથી. સંગઠનનું કામ આપણું કામ છે. તેમાં શરમ કે સંકોચ ન હોય. આ વાત તેઓ કાયમ કહેતા.

## શિસ્તના આગ્રહી

વસંતભાઈ શિસ્તના આગ્રહી જરૂર હતા પણ શિસ્ત કદી કાર્યકર્તા ઉપર લાદતા નહીં. તેમના વ્યવહારથી જ એ સમજાઈ જતી. વસંતભાઈનો એક પ્રેરણાદાયી પ્રસંગ યાદ આવે છે. લીંબડીમાં જનસંઘનો એક અભ્યાસવર્ગ હતો. કાર્યકર્તાઓના ભોજન વખતે ગુજરાતભરમાંથી જુદા જુદા જિલ્લાઓમાંથી આવેલા કાર્યકર્તાઓએ ભોજન પીરસવાનો વારો આવતો. તે દિવસે વસંતભાઈને રાત્રે જમવાનું હતું નહીં તેથી તેમણે મુખ્ય કાર્યકર્તાઓ સાથે બેઠકનું આયોજન કરેલ, પરંતુ, તેઓના ધ્યાનમાં આવ્યું કે આજે રાત્રે તો અમદાવાદના કાર્યકર્તાઓનો ભોજન પીરસવાનો વારો છે. વસંતભાઈ કમંડળ લઈ પીરસવા લાગ્યા. સૌએ કહ્યું કે, આપના માટે આ સૂચના નથી. ત્યારે વસંતભાઈએ કહ્યું કે, "શું હું અમદાવાદનો કાર્યકર્તા નથી? સૂચના દરેક કાર્યકર્તા માટે સરખી હોય, દરેકે પાળવી જોઈએ. તેમાં ભેદ ન ચાલે !

આમ વસંતભાઈએ સ્વયંશિસ્ત પાળી નેતા અને કાર્યકર્તા વચ્ચે કોઈ ભેદ ન હોય એ વાત સાબિત કરી.

•



## અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના ૩૮ આરોપીઓને ફાંસી અને ૧૧ને આજીવન કારાવાસની સખ્ત સજા

# ભાજપ સરકારની આતંકવાદ સામે ઝીરો ટોલરન્સની રાજકીય ઇચ્છાશક્તિનું અભૂતપૂર્વ, ઐતિહાસિક, અદ્વિતીય અને દાખલારૂપ પરિણામ

અમદાવાદ સિરિયલ બ્લાસ્ટના ૩૮ આરોપીઓને ફાંસીની અને ૧૧ને આજીવન કારાવાસની સખ્ત સજા ફટકારવામાં આવી ત્યારે ૫૬ મૃતકો અને ૨૦૦થી વધુ ઈજાગ્રસ્તોના પરિવારોએ અંતઃકરણપૂર્વક ન્યાયાલયની સાથે સાથે જ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી તેમજ ભારતીય જનતા પાર્ટીના સુશાસન યુક્ત રાજકીય ઈચ્છાશક્તિ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી છે. ઘણા લોકોને વિસ્મૃતિના કારણે અથવા તો હાલ જેઓ ૨૫ વર્ષના છે તેઓ ઘટના વખતે ૧૨ વર્ષની કિશોરાવસ્થામાં હોવાના કારણે માહિતગાર નથી તેમને માટે ન્યાયાલયના આ ઐતિહાસિક ચુકાદાની પ્રચંડ દેશદાઝ સાથે મજબૂત ભૂમિ તૈયાર કરી આપનાર તત્કાલીન મુખ્યમંત્રી અને યુગદૃષ્ટા શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના કેટલાક નિર્ણયો, પગલાંઓ તેમજ અદમ્ય સુઝબુજે ભારતીય જનતા પાર્ટીની રાજકીય ઈચ્છાશક્તિનું સર્વોચ્ચ ઉદાહરણ પૂરું પાડ્યું છે. કેટલીક વિસરાયેલી તો કેટલીક ગોપનીયતા જાળવવાની આવશ્યકતાના કારણે જાહેર ન કરી શકાઈ હોય તેવી માહિતીઓ હવે સપાટી ઉપર લાવવાથી ભાજપ સરકારના પ્રજાલક્ષી અભિગમયુક્ત નેતૃત્વની 'સુશાસન ગૌરવગાથા'થી અવગત થવું આપ સૌને ચોક્કસ ગમશે.

જ્યારે કોઈ રાજકીય પક્ષ તેની વિચારધારા અને આદર્શો દ્વારા તેના શાસકોને રાષ્ટ્રપ્રેમનાં અક્ષરશઃ પાલન અને સુશાસનના દૃઢ નિર્ધાર વડે કેવી રીતે વ્યક્તિ વિશેષ બનાવી શકે તેનું સ્વર્ણિમ દૃષ્ટાંત એટલે શ્રી નરેન્દ્રભાઈ મોદી એમ કહી શકાય. ભારતીય જનતા પાર્ટીએ રાજધર્મ, શૌર્ય, વિદ્વત્તા, શાણપણ અને રાષ્ટ્રપ્રેમ સાથે કરુણાસભર એવો રાજકાજનો શ્રેષ્ઠ માર્ગ કંડાર્યો હોવાના કારણે જ આજે પણ દેવદુર્લભ કાર્યકરો નાગરિકોના હૃદયસિંહાસન ઉપર નતમસ્તક આરૂઢ છે; એટલું જ નહીં બલ્કે ગરવા ગુજરાતમાં ન્યાય અને વ્યવસ્થાની સ્થિતિ એવી તો ગૈરવમયી છે કે અન્યત્ર વસતા લોકોની પણ કાયમી વસવાટ માટેની પ્રથમ પસંદગી પણ આ જ ગરવી ગુજરાત છે.

### ઘટનાક્રમ

ગુજરાતની 'આર્થિક રાજધાની' અમદાવાદના રહેણાક, વ્યાવસાયિક વિસ્તારો, જાહેર પરિવહન વ્યવસ્થા અને હૉસ્પિટલોમાં ૭૦ મિનિટના ગાળામાં એક પછી એક ૨૧ વિસ્ફોટ થયા હતા. સિમીના સભ્યોએ ઇન્ડિયન મુજાહિદ્દીનની નામની ઉગ્રવાદી સંસ્થાની સ્થાપના કરી હતી. અમદાવાદની ઘટનાના માત્ર એક જ દિવસ પહેલાં એટલે કે ૨૫મી જુલાઈ ૨૦૦૮ના રોજ દેશના 'આઈટી સિટી' બેંગલુરુમાં એક પછી એક ૮ બૉમ્બવિસ્ફોટ થયા હતા, જેના બીજા જ દિવસે ગુજરાતની 'આર્થિક રાજધાની' અમદાવાદના રહેણાક, વ્યાવસાયિક વિસ્તારો, જાહેર પરિવહન વ્યવસ્થા અને હૉસ્પિટલોમાં વિસ્ફોટો થયેલા. આ વિસ્ફોટો અમદાવાદના જાણીતા વિસ્તારો મણિનગર, હાટકેશ્વર સર્કલ, એલજી હૉસ્પિટલ અને સિવિલ હૉસ્પિટલના ટ્રૉમા સેન્ટર સહિતના વિસ્તારોમાં થયા હતા. ઘણા વિસ્ફોટ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિધાનસભા વિસ્તાર મણિનગરમાં કરવામાં આવ્યા હતા. કાવતરાખોરો દ્વારા વિસ્ફોટનો સમય પણ એવી રીતે ગોઠવવામાં આવ્યો હતો કે શહેરના

● હિરેન કોટક



અલગ-અલગ વિસ્તારોમાં થયેલા વિસ્ફોટોમાં પીડિતોને જ્યારે નજીકની હૉસ્પિટલોમાં લાવવામાં આવે, ત્યારે ફરી વિસ્ફોટ થાય અને બચાવ કામગીરી કરનારા તથા સેવાભાવીમાં મોટા પ્રમાણમાં ખુવારી અને ફફડાટ ફેલાઈ જાય. આ રીતે કાવતરાખોરોનાં મનસૂબાઓ કેટલા ક્રૂર અને ખતરનાક હતા એ સમજી શકાય છે. અમદાવાદ બ્લાસ્ટના બીજા દિવસે ખોખરા તથા બાપુનગર ખાતે બે-બે બૉમ્બ મળી આવ્યા હતા. ખોખરામાં મળેલા બૉમ્બને ડિફ્યુઝ કરી દેવામાં આવ્યા હતા, જ્યારે બાપુનગરમાંથી મળેલા બૉમ્બને કારણે પોલીસને તપાસની મહત્ત્વપૂર્ણ કડી મળી હતી. માત્ર એટલું જ નહી બલ્કે અમદાવાદ બાદ સુરતમાં પણ બ્લાસ્ટ કરવાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. બીજા દિવસે સુરતના હીરાબજાર અને રહેણાંક વિસ્તારોમાંથી કારમાંથી બૉમ્બ મળી આવ્યા હતા. જોકે અમદાવાદના બાપુનગર વિસ્તારમાંથી જે બૉમ્બ મળી આવ્યો, તે વડોદરામાંથી પ્રકાશિત થતા અખબારમાં વિંટળાયેલો હતો, જેના કારણે તપાસના તાર વડોદરામાં પણ જોડાયા હતા. આથી, તપાસ અધિકારીઓને શંકા ગઈ હતી કે બૉમ્બ વડોદરા લાવવામાં આવ્યા હશે અને ત્યાંથી સુરત તથા અમદાવાદ મોકલવામાં આવ્યા હશે, કારણ કે ભૌગોલિક રીતે વડોદરા અમદાવાદ અને સુરતની વચ્ચે આવતું શહેર છે. આ જ પગલે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવેના સીસીટીવી (ક્લોઝ્ડ સર્કિટ ટેલિવિઝન કેમેરા) તપાસ કરતાં માલૂમ પડ્યું હતું કે એક વેગન-આર ગાડીએ પાંચ-છ વખત અમદાવાદ અને વડોદરાની વચ્ચે ખેપ કરી હતી, જેની મુંબઈમાંથી ચોરી કરવામાં આવી હતી.

## ૧૯ દિવસમાં કેસ પરથી પડદો ઊંચકાયો

એફએસએલ અધિકારીઓની તપાસમાં બહાર આવ્યું હતું કે દરેક બૉમ્બ બનાવવા માટે લગભગ ૭૦૦ ગ્રામ ઍમોનિયમ નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. કાવતરાખોરો દ્વારા બ્લાસ્ટને અંજામ આપવા માટે ખોટા નામે પાંચ પ્રિ-પેઈડ સીમકાર્ડ ખરીદવામાં આવ્યા હતા તથા તેની મદદથી સંકલનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ સિવિલ હૉસ્પિટલના એક ડૉક્ટરે એક શખ્સને ફોન પર 'કામ હો ગયા હૈ' કહેતાં સાંભળ્યો હતો, જેના આધારે મોબાઈલ કાર્ડ તથા સીમકાર્ડની તપાસ હાથ ધરવામાં આવી હતી. માટે જ કામની માહિતીનાં કારણે થયેલ તપાસ બાદ ટેલિકોમ ઑપરેટરો પાસેથી મળેલા ડેટા તથા મોબાઈલ ટાવરના ડેટાની વિસ્તૃત છણાવટ કરતાં બ્લાસ્ટના વિસ્તારોમાં ઍક્ટિવ હોય, પરંતુ તે પછી બંધ થઈ ગયેલા પાંચ મોબાઈલ નંબર મળી આવ્યા હતા. બાદમાં એક પછી એક કડીઓ જોડાતી ગઈ હતી અને અમદાવાદ બ્લાસ્ટના તાર ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ તથા બિહાર સુધી જોડાયા હતા અને ૧૯ દિવસમાં કેસ પરથી પડદો ઊંચકાયો હતો. માટે જ આરોપીઓ સામે આઈપીસી (ઇન્ડિયન પીનલ કોડ, ભારતીય દંડસંહિતા), વિસ્ફોટક ધારા, યુએપીએ (અનલૉફૂલ ઍક્ટિવિટીઝ (પ્રિવેન્શન) ઍક્ટ)ની અલગ-અલગ જોગવાઈઓ હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યા છે. અદાલત દ્વારા તમામ ૩૫ એફઆઈઆરને મર્જ કરીને કેસ ચલાવવામાં આવ્યો હતો.

## તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નરાધમોને જેર કરવા કડક કામગીરી કરી

અમદાવાદ બ્લાસ્ટના ગણત્રીના કલાકોમાં જ મોદીજીએ તમામ સંબધિત વિભાગોની તત્કાળ બેઠકો બોલાવી વિસ્ફોટ કરનાર અને તેના કાવતરાખોરોને ઝડપી લેવા તેમજ અન્યત્ર પ્લાન્ટ કરાયેલ વિસ્ફોટકો શોધી કાઢવા 'ફ્રી હેન્ડ' સૂચનાઓ આપેલ. ત્યારે રાજ્યના ગૃહમંત્રી પદે ભારતના વર્તમાન ગૃહમંત્રી માન. શ્રી અમિતભાઈ શાહ હતા તેઓએ તત્કાલીન માન. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ મહેકમને કામે લગાડી નરાધમોને જેર કરવા કડક આદેશો જારી કર્યા. તત્કાલીન ભાજપ સરકારે જે કોઈપણ સંસાધનો, મદદ, મોટી સંખ્યામાં ફોર્સ કે વાહનો જોઈએ તે પૂરાં પાડવા સૂચનાઓ આપેલ. આ તકે ખાસ ઉલ્લેખનીય છે કે અમદાવાદ બ્લાસ્ટના મુખ્ય કાવતરાખોર અને ખૂંખાર આતંકવાદી અબુબકરને ભૂગર્ભમાં અથવા તો પાકિસ્તાન જતો રહે એ પહેલા ઉત્તર પ્રદેશથી ઝડપી પાડવા માટે પોલીસ ટીમને ચાર્ટર્ડ ફ્લાઈટની વ્યવસ્થા કરી આપેલ. અલગ અલગ ટીમો બનાવવામાં આવેલ તેમજ અને દરેક બ્રાન્ચને આવશ્યક સૂચનાઓ અપાયેલ. તદ્ઉપરાંત તપાસને કોઈ પ્રકારની



## દેશના ઇતિહાસમાં પહેલીવાર બોમ્બ બ્લાસ્ટ કેસમાં એક સાથે ૩૮ આરોપીઓને ફાંસીની સજાનો ચુકાદો આપ્યો છે - શ્રી સી. આર. પાટીલ



**અમદાવાદ વર્ષ ૨૦૦૮ સિરિયલ બોમ્બ બ્લાસ્ટ કેસમાં નામદાર કોર્ટે દાખલારૂપ સજા ફટકારી ૩૮ આરોપીઓને ફાંસીની સજા અને ૧૧ આરોપીઓને આજીવન કેદની સજા સંભળાવી છે તે ચુકાદાને પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલે આવકાર્યો. આરોપીઓને સજા અપાવા ગુજરાત પોલીસે જે કામગીરી કરી છે તે બદલ અભિનંદન પાઠવ્યાં. આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તે સમયના ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને તે સમયના રાજ્યના ગૃહમંત્રીશ્રી અમિતભાઈ શાહે ગુજરાત પોલીસને આરોપીઓને સજા સુધી પહોંચાડવા તમામ મદદ કરી હતી. અલગ અલગ રાજ્યોમાં છુપાયેલા આરોપીઓને જેલના સળિયા પાછળ ધકેલવામાં ગુજરાત પોલીસે ઘણી મહેનત કરી અને ઝીણવટભરી તપાસ કરી આઝામગઢ જેવા વિસ્તારમાં આપણી ગુજરાત પોલીસે જઈ આરોપીઓને ઝડપી લીધા અને સાક્ષીઓએ ખૂબ હિમ્મતપૂર્વક કોર્ટમાં નિવેદન આપ્યું છે. તેથી આરોપીઓને સ્પેશિયલ કોર્ટ દેશના ઈતિહાસમાં પહેલી વખત એક સાથે ૩૮ આરોપીઓને ફાંસીની સજાનો ચુકાદો આપ્યો છે જે બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહને અભિનંદન પાઠવ્યાં.**

અડચણ ન આવે તે માટે જરૂરી વાતાવરણ સર્જ્યું હતું. બનાવ અને તેની તપાસમાં પળેપળે ખૂલી રહેલાં તથ્યોનાં ઘણાં બધાં પાસાંઓ ગુજરાત બહાર પણ તપાસ અને તે માટેના સહકાર અર્થે દિશાનિર્દેશ કરી રહ્યા હતા ત્યારે અન્ય રાજ્યોનાં તંત્રોની જે કંઈ પણ મદદ જોઈએ તો એ મેળવી આપવા માટે પણ માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ તેમના ભારતીય જનતા પાર્ટીના આદર્શો અને તાલીમના પગલે શક્ય બનાવેલ.

### ઐતિહાસિક, અદ્વિતીય અને દાખલારૂપ કામગીરી

માત્ર એટલું જ નહીં બલ્કે સમગ્ર તપાસની પ્રક્રિયામાં સતત, સક્રિય અને અંગત સ્વરૂપે ફોલોઅપ લઈ પળેપળની વિગતો મેળવી તેમની આગવી સુઝબૂજ અને અધિકારીઓની સાથે વિચાર-વિમર્શસભર ચીવટથી આતંકવાદીઓને મજબૂત પુરાવાઓ સાથે ઝડપી પાડવામાં અતિમહત્ત્વનો ભાગ ભજવ્યો હતો; એ જ મજબૂત પુરાવાઓ જે ત્વરાથી એકઠા કરવામાં આવેલ તેના કારણે જ આજે ન્યાયાલયને ચુકાદો પણ મજબૂત આપવા માટેની નક્કર ભૂમિ મળી છે. એક સાથે ૩૮ આંતકીઓને ફાંસી અને ૧૧ને જનમટીપની સજા ઐતિહાસિક, અદ્વિતીય અને દાખલારૂપ કામગીરી છે. ભારતીય જનતા પાર્ટીએ કાર્યકરોનું ઘડતર હંમેશા રાજકીય ઈચ્છાશક્તિ તેમજ દેશદાઝસભર આદર્શો સીંચીને કર્યું છે માટે જ ભાજપે રાજકીય ઈચ્છાશક્તિનાં નક્કર પરિણામો પ્રજા સમક્ષ દૃષ્ટાંતરૂપ મૂક્યાં છે.

### શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત આંતરિક તેમજ બાહ્ય મોરચે સુરક્ષાના સૂત્રમાં અકબંધ

વિવિધતામાં એકતા ધરાવતા ભારતને આંતરિક તેમજ બાહ્ય મોરચે સુરક્ષાના સૂત્રમાં અકબંધ રાખનાર આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજી તેમજ રાષ્ટ્રને કાયદો અને વ્યવસ્થાનું અભેદ કવચ પ્રદાન કરનાર કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનાં પદચિહ્નોને અનુસરી આજે ગુજરાતની ભાજપ સરકારોએ રાજ્યને વસવા લાયક અને ઉદ્યોગોને વધવા લાયક સ્વર્ણિમ વાતાવરણ પૂરું પાડ્યું છે તે જ ગરવી ગુજરાતનું ખરું ગૌરવ છે. માટે જ ભાજપના એક એક કાર્યકરનો દૃઢ નિર્ધાર છે કે પ્રજાતંત્રનાં વચન અને દેશસેવાનાં કાર્યોને અપંગ કરવાના મનસૂબાઓ હું બર નહીં આવવા દઉં...!!

•





# લોદીએ રવિદાસને ધર્માંતરણ કરવા ફરજ પાડી ત્યારે એની આગળ ઝૂકવાની રવિદાસે ના પાડી દીધી હતી

૧૪થી ૧૬મી સદીનો સમયગાળો. આ ત્રણસો વર્ષનો સમય હિન્દુસ્થાન માટે નિરાશા અને ઘોર સંકટોથી ભરેલો હતો. આપસમાં ફાટફૂટ, આભડછેટ, ઊંચનીચના ભેદભાવ જેવાં અનેક દૂષણોથી સમાજ ખદબદતો હતો. બીજી તરફ વિદેશી આક્રમકો ધર્મ, સંસ્કૃતિ અને સમાજને નષ્ટ-ભ્રષ્ટ કરવો તેને ધાર્મિક જેહાદ સમજતા હતા. આક્રમકોના આતંક અને અત્યાચારથી પ્રજા ત્રાહિમામ્ પોકારી ઊઠી હતી. આવા ઘોર અંધકારના વાતાવરણમાં સંતોએ પ્રભુભક્તિનો મંત્ર ગૂંજતો કરી, સમાજમાં નવચેતનાનો સંચાર કર્યો. તુલસીદાસ, સુરદાસ, ચૈતન્ય મહાપ્રભુ, રામાનંદ, રામાનુજાચાર્ય, કબીર જેવા અગણિત સંતોએ ભક્તિના માધ્યમથી દેશને એક તાંતણે ગૂંથવાનો પ્રયાસ કર્યો. આ સંતોની હારમાળાના મણકામાં એક હતા - રવિદાસ જેમને ઘણા રૈદાસ કે રોહિદાસના નામે પણ ઓળખે છે. ગુરુ સ્વામી રામાનંદની આજ્ઞાથી તેમણે સમાજમાં સમતા, મમતા અને શ્રદ્ધાભાવનું વાતાવરણ પેદા કરવા ' 'રામાય નમઃ' મંત્રનો શંખનાદ કર્યો.

સંત રવિદાસના ગુરુ રામાનંદજી એ સમયે ક્રાંતિકારી સમાજસુધારક ગણાતા. એમણે સમગ્ર દેશનું ભ્રમણ કરી, યુગની માગ મુજબ પોતાના વિચારો લોકો વચ્ચે મૂક્યા. ઊંચનીચ, આભડછેટ જેવી વિકૃતિઓ સામે અવાજ ઉઠાવ્યો. રામાનંદ આખા દેશની યાત્રા કરી કાશી પાછા આવ્યા ત્યારે એમને શુદ્ધિ માટે કહેવામાં આવ્યું, પરંતુ રામાનંદે ચોખ્ખી ના પાડી. એ પછી એક નવા સંપ્રદાયની સ્થાપના કરી. એમણે કહ્યું હતુંઃ 'હરિ કો ભજે સો હરિ કા હોય, જાતપાત પૂછે નહીં કોય...'

રામાનંદજીને દેશભ્રમણ પછી લાગ્યું કે અસ્પૃશ્યતા અને ઊંચનીચની દીવાલ તોડવામાં નહીં આવે તો સમાજ ટકી નહીં શકે. સમગ્ર સમાજના રક્ષણ માટે તેમણે ઠેર ઠેર મહંતી અખાડાની સ્થાપના કરી. તેમણે વિચાર વહેતો કર્યો કે બ્રાહ્મણ હોય કે શૂદ્ર, ક્ષત્રિય હોય કે ચમાર, વણિક હોય કે લુહાર - સૌનો રામભક્તિ પર સરખો અધિકાર છે. ભગવાનના શરણમાં આવેલા માણસ માટે જાતિ કે કુળનાં બંધન કેવાં? ભક્તિ કોઈ એક જ્ઞાતિનો અધિકાર નથી. ભક્તિમંદિરનાં દ્વાર સૌના માટે ખુલ્લાં છે. રામાનંદજી કેવળ ઉપદેશ આપીને ન અટક્યા. એમણે એને આચરણમાં મૂક્યો. બધી જ જ્ઞાતિના લોકોને ભક્તિમાર્ગની દીક્ષા આપી, પોતાના શિષ્યો બનાવ્યા.

વારાણસીમાં માતા કર્માદેવી અને પિતા સંતોખદાસના ઘરે જન્મેલા રવિદાસે જાતિવાદથી ઉપર ઊઠી સમાજમાં સમતા-મમતા અને સમરસતાની ભાવગંગા ભક્તિના માધ્યમથી વહેતી કરી.

રવિદાસની કીર્તિ વધવા લાગી અને એમનો વિરોધ પણ શરૂ થયો. પરંતુ રવિદાસજીએ આવા જાતિવાદીઓને જવાબ આપ્યો હતો : 'પ્રભુભક્તિ કોઈ ઊંચ કે નીચ જ્ઞાતિનો ઈજારો નથી. એના પર તો રાજા-રંક, વિદ્વાન-અભણ, નર-નારી સૌનો સમાન અધિકાર છે. મારા ગુરુએ તો મને શીખવાડ્યું છે કેઃ 'હરિ કો ભજે સો હરિ કા હોય, જાત પાત પૂછે નહીં કોય.' પ્રભુનો દરબાર સૌના માટે ખુલ્લો રહે છે. જન્મથી તો બધા જ શૂદ્ર છે. કર્મથી જ એ ઓળખાય છે.'

રવિદાસજીએ સ્વતંત્રતાના મૂલ્યની પ્રશંસા કરી, ગુલામીને પાપ કહી. તેમણે કહ્યુંઃ 'પરાધીનતા પાપ હૈ, જાનિ લેહુ રે મીત... રવિદાસ દાસ પરાધીન, સૌ કૌન કરે હૈ પ્રીત...' તેમણે સમતા અને મમતાનો મંત્ર આપતાં કહ્યું કેઃ 'અધમ જાતિમાં જન્મ લેનાર નીચ નથી, પરંતુ પાખંડી, ઢોંગી અને પોતાના સ્વાર્થ માટે બીજા સાથે છેતરપિંડી કરે છે એ નીચ છે.'

રામનામમાં રવિદાસને અનન્ય શ્રદ્ધા હતી. એમણે અનેક પદોમાં રામનામનો મહિમા ગાયો છે.

એ કહે છેઃ 'અબ કૈસે છૂટૈ રામનામ રટ લાગી.'

'રામ મેં પૂજા કહાં ચઢાઉ, ફલ અરુ ફૂલ અનુપ ન પાઉ!'

લોકો શ્રદ્ધાપૂર્વક રવિદાસની વાણીનું અમૃતપાન કરતા. તેમના ક્રાંતિકારી વિચારોને, ખાસ કરીને



નાતજાત વિરોધી અને સામાજિક સમતા અને એકતાના ઉપદેશો જીવનમાં અપનાવી તેને વહેવારમાં મૂકતા. કેટલાક એવા લોકો પણ હતા જે રવિદાસના ઉપદેશમાંથી શાંતિ અને સંતોષ મેળવવા આતુર રહેતા. કેટલાક લોકો રવિદાસને હલકા ચીતરવા, તેમને અપમાનિત કરવા અનેક જાતના પેંતરા રચતા. રવિદાસનું જીવન ગંગા સમાન નિર્મળ, પવિત્ર અને સત્યથી ભરેલું હતું. એ લોકોનાં દુઃખ-દર્દ દૂર કરવા હંમેશાં તત્પર રહેતા. સેવા કરવી એ એમનો જીવનવ્યવહાર હતો.

રવિદાસની રહેણીકરણીમાં એકરૂપતા હતી. તેઓ જે કંઈ કહેતા તે જ આચરણમાં મૂકતા. આ એમના જીવનની બહુ મોટી વિશેષતા હતી. રવિદાસજી શ્રમસાધનાના મોટા સમર્થક હતા. તેઓ મહેનત મજૂરીને તપશ્ચર્યા સાથે સરખાવતા. તેઓ માનતા કે પોતાની શક્તિ હોય ત્યાં સુધી પરિશ્રમપૂર્વક નીતિથી કમાણી કરી પોતાનું ગુજરાન ચલાવવું જોઈએ. તેઓ મજૂરીને ઈશ્વરની સેવા માનતા. શ્રમસાધનાને સુખશાંતિનું મૂળ તથા પરમાત્માની નજીક પહોંચવાની ગુરુચાવી સમજતા.

મેવાડના રાણા સાંગાના પત્ની રાણી ઝાલીબાઈ અને મીરાંબાઈએ રવિદાસને પોતાના ગુરુપદે સ્વીકાર્યા હતા. મીરાંબાઈએ પોતે પોતાના પદોમાં પૂર્ણ ગુરુરૂપે રવિદાસનો ઉલ્લેખ કર્યો છે. પોતાના પિતા અને પતિના ઉજ્જવળ નામને કલંકિત કરવાના આરોપનો જવાબ આપતાં તેઓ કહે છે કે –

'ન તો હું મારા પિયરની છું, ન તો સાસરિયાની, મને તો સંત

## ભાજપા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા સંત શિરોમણી ગુરુ રવિદાસજીની ૬૪૫મી જન્મજંયતી નિમિત્તે પુષ્પાંજલિ અને ભવ્ય સંતવાણી કાર્યક્રમ કમલમ્ ખાતે યોજાયો



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કમલમ્ ખાતે આયોજિત પુષ્પાંજલિ અને ભવ્ય સંતવાણી કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહી સંબોધન કરતાં જણાવ્યું હતું કે, સંત શિરોમણી ગુરુ રવિદાસજીની સમાજમાં સમરસ્તા, સદ્ભાવના અને બંધુત્વના પ્રણેતા હતા. આપણા આદરણીય વડાપ્રધાનશ્રીએ સર્વધર્મ સમભાવની જે વિચારધારા આપી તેના મૂળમાં જો કોઈ રહ્યું હોય તો તે સંત રવિદાસ છે. તેમનું જીવન દરેકને સમાન અધિકાર અને ન્યાય આપવા સમર્પિત અને સમાજને એક તાંતણે બાંધવા અનેક ઉપદેશ આપ્યા છે. સંત શ્રી રવિ દાસજીએ તેમના વિચાર અને રચનાઓથી સમાજકલ્યાણ અને આધ્યાત્મિક ચેતનાનો નવો માર્ગ આપણને સૌને બતાવ્યો છે. તેઓ સપષ્ટ માનતા કે જીવનામાં કોઈ ઊંચ-નીચ છૂત-અછૂત હોતું નથી. તેઓ છૂત અછૂત. જાત-ભાત સામે જીવનભર અવાજ ઉઠાવતા રહ્યા તે આજે પણ આપણા માટે પ્રેરણાદાયી છે. આપણે સંતશ્રી રવિદાસજીના જીવન સંદેશને અપનાવી જનકલ્યાણનાં કામો કરવાનાં છે. હજુ પણ સમાજમાં નાની મોટી ગેર માન્યતાઓ કુપ્રથાઓ પ્રવર્તે છે તેને દૂર કરવા સંતશ્રીના વિચારોને વધુ વ્યાપક અને પ્રવર્તમાન થાય તે સમયની માંગ છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી કાશીમાં સંતશ્રી રવિદાસ મહારાજનું ભવ્ય સ્મૃતિસ્થળનું નિર્માણ થઈ રહ્યું છે.

રવિદાસના રૂપમાં ગુરુ મળી ગયા છે અને તેમના દ્વારા મને મારા પ્રભુનો મેળાપ થયો છે.


'નહીં મેં પીહર સાસરે,
નહીં પિયાજી રી સાથ
મીરાને ગોવિન્દ મિલ્યાજી,
ગુરુ મિલિયા રૈદાસા

શીખોના પવિત્ર ગ્રંથ 'ગુરુ ગ્રંથસાહેબ'માં રવિદાસનાં ૩૯ પદ સંગ્રહિત છે.

એમણે મનની પવિત્રતા પર, સંસ્કારસિંચન પર ખૂબ ભાર મૂક્યો. એ કહેતા : 'મન ચંગા તો કથરોટ મેં ગંગા.'

વિદેશી આક્રમણખોર મોગલોના અત્યાચારે માઝા મૂકી હતી. તલવારની જોરે ધર્માંતર થતું. આક્રમક સિકંદર લોદી રવિદાસની રામભક્તિ અને સામાજિક એકતાના કાર્યથી અકળાયો હતો. રવિદાસનો પ્રભાવ જોરદાર હતો. લોદીની મંશા હતી કે રવિદાસ મુસલમાન બની જાય તો એમના લાખો ભક્તો મુસલમાન બની જશે. લોદીએ રવિદાસને ધર્માંતરણ કરવા ફરજ પાડી ત્યારે એની આગળ ઝૂકવાની રવિદાસે ના પાડી દીધી. લોદીની મારી નાખવાની ધમકીથી પણ રવિદાસ ડર્યા નહોતા.







# રાજ્યની નગરપાલિકાઓ દ્વારા વસૂલવામાં આવતા ટેક્ષ-કરવેરામાં રાહત આપતી 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના' જાહેર કરતી ગુજરાત ભાજપ સરકાર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યનાં નગરોમાં વસવાટ કરતા નાગરિકો-નગરજનો માટે આઝાદીના અમૃત મહોત્સવના આ વર્ષે 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર' યોજના શરૂ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની નગરપાલિકાઓ દ્વારા નગરજનોને પૂરી પાડવામાં આવતી વિવિધ માળખાકીય સેવાઓના કર-વેરા જેમાં મિલ્કત વેરો, સામાન્ય પાણી વેરો, ખાસ પાણી વેરો, દીવાબત્તી (લાઈટ) વેરો, ગટર વેરો વગેરે વેરાઓની ચુકવણીમાં નાગરિકોને સરળતા અને પ્રોત્સાહન આપવા આ નવતર અભિગમ અપનાવ્યો છે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ યોજના અન્વયે એવો નિર્ણય કર્યો છે કે, નાણાંકીય વર્ષ ૨૦૨૨-૨૩ની વેરાની રકમ જો નાગરિકો તા.૩૧-મે-૨૦૨૨ સુધીમાં એડવાન્સ ભરપાઈ કરે તો તેમને ૧૦ ટકા વળતર આપવામાં આવશે.

એટલું જ નહિ, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઈન્ડિયાના સંકલ્પને વેગ આપવા શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એવો પણ નિર્ણય કર્યો છે કે, આવી વેરાની રકમ મોબાઈલ એપ કે ઈ-નગરના ઓનલાઈન પોર્ટલ મારફતે તા.૩૧-મે-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરનારા નાગરિકોને વધારાનું ૫ ટકા વળતર અપાશે. એટલે કે, ડિજિટલ ટ્રાન્ઝેકશન કરનારા નાગરિકોને કુલ ૧૫ ટકા વળતરનો લાભ મળશે.

રાજ્યની નગરપાલિકાઓની અગાઉના વર્ષોના કરવેરાની પાછલી રકમ પણ જે નાગરિકોને ભરવાની બાકી હોય તેમને આવી રકમ-વેરા ભરવામાં સરળતા મુખ્યમંત્રીશ્રીએ કરી આપી છે.

તદ્અનુસાર, શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એવો નિર્ણય કર્યો છે કે, જે કરદાતા-નાગરિકને તેમની મિલ્કત પેટે અગાઉનાં વર્ષોના વેરા ભરવાના બાકી હોય તે જો તા.૩૧ માર્ચ-૨૦૨૨ સુધીમાં ભરપાઈ કરે તો નોટિસ ફી, વ્યાજ, પેનલ્ટી, વોરંટ ફી ની રકમ ૧૦૦ ટકા માફ કરવામાં આવશે.

અત્રે એ નિર્દેશ કરવો જરૂરી છે કે, રાજ્યની નગરપાલિકાઓની આવકનો મુખ્ય સ્રોત કરવેરા વસૂલાતમાંથી થતી આવક છે.

નગરપાલિકાઓ શહેરનાં વિકાસકામો તથા નાગરિકોને આવશ્યક સેવાઓ પૂરી પાડવા અંગેનો ખર્ચ આવા કરવેરા-ટેક્ષની આવકમાંથી કરતી હોય છે.


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યની નગરપાલિકાઓની આવી આવકમાં વધારો થાય, સાથોસાથ કરદાતાઓને પણ કરવેરાની રકમ ભરવામાં સરળતા રહે અને પ્રોત્સાહન મળે તેવા ઉદાત્ત ભાવથી આ 'આઝાદી કા અમૃત મહોત્સવ પ્રોત્સાહક વળતર યોજના'નો અમલ કરવાનો નાગરિક સુખાકારીનો નિર્ણય કર્યો છે.

•



## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો બ્લોગ

# પ્રવાસનના નવીન આયામોથી ખીલી ઊઠશે આપણું ગરવું ગુજરાત - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ



નમસ્કાર.

મિત્રો, થોડા દિવસ પહેલાં મને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન પામેલ પ્રાચીન નગર સંસ્કૃતિની વિરાસત ધરાવતા કચ્છના ધોળાવીરાની મુલાકાત લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

ધોળાવીરામાં પુરાતન સમયની સુઆયોજિત નગરરચના, વરસાદી પાણીના સંગ્રહ માટેનું જળસંચયનું અદ્ભુત આયોજન તથા એક આધુનિક માનવ વસાહત માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ નિહાળી અભિભૂત થયા વિના રહી શકાય તેમ નથી.

મેં આ પ્રાચીન ધરોહરના અવશેષો, પુરાતત્ત્વીય વસ્તુઓ તથા પૌરાણિક સ્મૃતિઓના સંગ્રહસ્થાન એવા મ્યુઝિયમની મુલાકાત લીધી અને એ અંગેનું પ્રેઝન્ટેશન પણ નિહાળ્યું. આવનારા દિવસોમાં ધોળાવીરા પર્યટકો માટેનું નવું નજરાણું બનશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

રાજ્ય સરકારે પણ આ પ્રાચીન વિરાસતનું મૂળ સત્ત્વ અને તત્ત્વ જાળવી રાખી સમયાનુકૂલ વિવિધ વિકાસકામોનું આયોજન હાથ ધર્યું છે. ધોળાવીરાની અંદાજે ૫૦૦૦ વર્ષ જૂની આ ધરોહરની વિશેષતાઓ અને સંસ્કૃતિદર્શનની અનેક સંભાવનાઓ તથા પ્રવાસીઓને મળી રહેલી માહિતી-સગવડમાં વધારો કરી ગુજરાતને વિશ્વના પ્રવાસન નકશામાં અંકિત કરવા ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

ધોળાવીરાની મુલાકાત દરમ્યાન ગઢુલી-સાંતલપુર નેશનલ હાઈવેનાં પ્રગતિ હેઠળનાં કામોનું પણ નિરીક્ષણ કર્યું હતું. કુલ ૨૬૪ કિ.મી.ની લંબાઈના આ નેશનલ હાઈવે નંબર 754Kની ચાર લિંકમાં ગઢુલી, ધોળાવીરા, કચ્છનું સફેદ રણ તથા ખાવડાનો સમાવેશ થાય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં કેન્દ્ર સરકાર દ્વારા અંદાજે ૩૨૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણાધીન આ નેશનલ હાઈવે દ્વારા ધોળાવીરાથી સફેદ રણ વચ્ચેનું અંતર ૮૦ કિ.મી જેટલું ઘટી જશે. ઉપરાંત ધોળાવીરા, સફેદ રણ, માતાના મઢ, હાજીપીર દરગાહ અને ખાવડાને પણ સીધી નેશનલ હાઈવેની રોડ કનેક્ટિવિટી મળતી થશે. નેશનલ હાઈવે દ્વારા ૧૦૦ જેટલી બોર્ડર આઉટપોસ્ટને પણ કનેક્ટિવિટીનો વ્યૂહાત્મક લાભ મળશે.

મિત્રો, કચ્છ અને બનાસકાંઠાના પાણીની કુદરતી અછત ધરાવતાં સીમાક્ષેત્રો સુધી અને ત્યાંના સરહદના સંત્રી એવા જાંબાઝ જવાનો સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવાનો ભગીરથ પ્રયાસ ગુજરાત સરકારે આદર્યો છે. માનનીય શ્રી નરેન્દ્રભાઈએ આપેલા દૂરંદેશી વિચારને અનુસરીને સરહદી વિસ્તારોમાં NCCનો વ્યાપ પણ વધારવામાં આવી રહ્યો છે. NCCની પ્રવૃત્તિઓ સરહદી યુવાશક્તિમાં દેશપ્રેમ, નિર્ભયતા અને શૌર્ય જેવા ગુણ ખીલવીને સરહદો પર દેશવિરોધી પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

મારી કચ્છની આ મુલાકાત દરમ્યાન મને સરહદની રખેવાળી કરતા બોર્ડર સિક્યોરિટી ફોર્સ (BSF)ના જવાનો અને અધિકારીઓની મુલાકાત લઈ તેમની સાથે સંવાદ કરવાનો અવસર પણ પ્રાપ્ત થયો. સીમા પારની ઘૂસણખોરી અટકાવવા તથા દેશની સુરક્ષા માટે આ જવાનોની કર્તવ્યપરાયણતા સ્પર્શી જાય એવી છે. સૌ જવાનોને મારાં વંદન!

આવનારા દિવસોમાં કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે અનેક નવાં સ્થાન, ટૂરિસ્ટ પોઈન્ટ તથા સર્કિટ ડેવલપ થવા જઈ રહી છે. ગુજરાતમાં અનેક સ્થાન ઐતિહાસિક તથા પ્રવાસનની દૃષ્ટિએ વિશેષ મહત્વ ધરાવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની દૂરંદેશીપણાની નિશાની સમા "રણોત્સવ"ની જેમ ગુજરાતના અનેક સ્થાન વિશ્વ પ્રવાસન નકશામાં ચમકવા સક્ષમ છે. બનાસકાંઠાના નડાબેટની જેમ કચ્છના ધોરડોમાં બોર્ડર ટૂરિઝમનો પણ વિકાસ થઈ રહ્યો છે.

મિત્રો, હવેના સમયમાં તમે ઐતિહાસિક સ્થાનો, પુરાતત્ત્વીય સ્થાનો, બોર્ડર ટૂરિઝમ જેવા પ્રવાસનના નવીન આયામો ગુજરાતમાં વિકસતા જોઈ શકશો. પ્રાકૃતિક અને માનવસર્જિત સૌંદર્ય ઉપરાંત વિવિધ સુવિધાઓથી સજ્જ આ પ્રવાસન સ્થળો સ્થાનિક ભાતીગળ સંસ્કૃતિને માણવાના પણ અનેક અવસર લઈને આવશે. રાજ્ય અને દેશના સહેલાણીઓ ઉપરાંત દુનિયાભરના પર્યટકો આપણા ગુજરાત તરફ આકર્ષાશે. આપ સૌ આપણા ગરવી ગુજરાતનાં ઐતિહાસિક અને પુરાતત્ત્વીય સ્થાનોની મુલાકાત લેવાનું ચૂકશો નહિ. બાળકોને પણ આ સ્થળો અને તેના ઇતિહાસથી જરૂર માહિતગાર કરશો.



## ડૉ. મથુરાસિંહ

જન્મ : ૧૮૮૩ • અવસાન : ૨૭-૩-૧૯૧૭

ડૉ. મથુરાસિંહ ધીકતી તબીબી પ્રેક્ટિસ છોડીને માતૃભૂમિની મુક્તિ કાજે સ્વતંત્રતાના આંદોલનમાં કૂદી પડેલા ડૉ. મથુરાસિંહ જેલમ જિલ્લાના ઢુઢિયાલ ગામના વતની હતા. ગામની શાળામાં પ્રાથમિક શિક્ષણ લઈને વધુ અભ્યાસ માટે તેઓ રાવલપિંડી આવેલા. અહીં તેઓ મેસર્સ જગતસિંહ એન્ડ બ્રધર્સની ફર્મમાં ડૉક્ટરી શીખ્યા. પછી ત્યાં જ દવાખાનું ખોલ્યું. દવાખાનું સારું ચાલતું હતું એટલે આ ક્ષેત્રનો વધુ અભ્યાસ કરવાની એમને ઈચ્છા થઈ. જવું હતું તો અમેરિકા પરંતુ આર્થિક કારણોસર તે શક્ય ન બનતાં શાંઘાઈ જઈને સંતોષ માન્યો. શાંઘાઈમાં ડોક્ટરી દ્વારા થોડા પૈસા કમાઈ તેમણે કેનેડા તરફ પ્રસ્થાન કર્યું. એ વખતે કેનેડામાં ગદર પાર્ટીની લહેર ચાલી રહી હતી. મથુરાસિંહ પણ તેની ઝપટમાં આવી ગયા. જે સમયે કામાગાટામારુ જહાજ હુગલીમાં ઊભું હતું ત્યારે તેઓ કોલકાતા પહોંચી ગયા હતા. જો કે સરકારની નજરથી તેઓ વધારે સમય બચી શક્યા નહિ. એક વિશેષ ગાડીમાં બેસાડીને તેમને પંજાબ ભણી રવાના કરી દેવામાં આવ્યા. જે દરમિયાન રસ્તામાં જ પોલીસને થાપ આપી તેઓ છટકી ગયા. પહોંચ્યા તો તેઓ પંજાબ જ પણ સ્વતંત્ર રીતે. સાથીદારો સાથે બેસી તેમણે વિદ્રોહની યોજના ઘડી કાઢી. પરંતુ દેશદ્રોહી કૃપાલસિંહની નીચતાને કારણે તેમની આ યોજના પર પાણી ફરી વળ્યું. ગદર પાર્ટીના કાર્યકરોની સરકારે ધરપકડ કરવા માંડી. મથુરાસિંહ ફરી સરકારને થાપ આપી અફઘાનિસ્તાન ભણી નાઠા. રસ્તામાં પકડાયા, છટક્યા. અફઘાનિસ્તાન પહોંચીને જ રહ્યા. ફરી ડૉક્ટરી ચાલુ કરી. આ ક્ષેત્રમાં તેમણે પોતાની એવી શક્તિ બતાવી કે ત્યાંના ચીફ મેડિકલ ઓફિસર બની ગયા. પરંતુ તેઓ અહીં થોડા પૈસા કે કીર્તિ કમાવા આવ્યા હતા ? એ વખતે અફઘાનિસ્તાનમાં રાજા મહેન્દ્રપ્રતાપ અને મૌલાના બરકતઉલ્લા દ્વારા અસ્થાયી આઝાદ હિન્દ સરકારની સ્થાપના કરવામાં આવી હતી. આ સરકારે જર્મનીની બર્લિન કમિટીના સહયોગથી રૂસના ઝાર પાસે બે સભ્યોનું શિષ્ટમંડળ મોકલ્યું. જેમાં એક મથુરાસિંહ હતા. પરંતુ બ્રિટિશ જાસૂસોએ મથુરાસિંહનો પીછો હજુ છોડ્યો નહોતો. પરિણામ એ આવ્યું કે બ્રિટિશ સરકારના દબાણ નીચે આવી રુસના ઝારે મથુરાસિંહ તથા તેમના સાથીદારની તાશ્કંદ ખાતે ધરપકડ કરી તેમને ભારતની બ્રિટિશ સરકારને સોંપી દીધા. લાહોરમાં એક વિશેષ ટ્રિબ્યુનલની રચના કરી બંને પર કેસ ચલાવવામાં આવ્યો. ચુકાદામાં મથુરાસિંહને સમ્રાટ વિરુદ્ધ યુદ્ધ કરવાના અપરાધી ગણાવી ફાંસીની સજા સંભળાવવામાં આવી. ૩૪ વર્ષના આ યુવાન ક્રાંતિકારી 'વંદે માતરમ્'ના જયઘોષ સાથે ફાંસીના માંચડે ચડી ગયા.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

# પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમોની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.